*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૮

## સમતા અમારી કૂળદેવી છે

અહા, ભેદજ્ઞાની કે અજ્ઞાની–બંને પ્રત્યે મને સમતા છે.–આવી સમતા ક્યારે રહે? કે જ્યારે રાગ–દ્વેષ વગરની 'ચેતના' વેદનમાં આવી હોય! ચેતના પોતે સ્વરૂપથી જ રાગ–દ્વેષ વગરની છે–પછી સામે ભેદજ્ઞાની હો કે અજ્ઞાની હો. –બંનેમાં સમતાપણે રહેવાની તાકાત ચેતનામાં જ છે. ચેતના જ તેને કહેવાય કે જેમાં રાગ–દ્વેષ ન હોય, જે રાગ–દ્વેષ કરે નહિ, ને રાગ–દ્વેષ વગરની સમતારૂપે જ રહે.

અહા! આવી સરસ ચેતના, આવી સરસ સમતા, તે તો મારી કૂળદેવી છે, મારી ચેતનાનું કૂળ જ સમતારૂપ છે. સમતા એ તો મારી ચેતનાનું સહજસ્વરૂપ છે. માટે ચેતનારૂપ એવા મને સર્વત્ર સમભાવ છે, કોઈ પ્રત્યે રાગ–દ્વેષ નથી, કોઈ મારું મિત્ર કે વેરી નથી. આવા વીતરાગી સમભાવરૂપ મારી ચેતના છે તે સર્વે જ્ઞાનીસંતોને સંમત છે. હું મારા આત્માને આવી ચેતનારૂપે જ સદા ભાવું છું.....અનુભવું છું. તેથી મારી પરિણતિમાં સમતા સદા જયવંત છે.

(નિયમસાર પૃષ્ટ ૨૦૨)

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૮, આસો (લવાજમ : **ચાર રૂપિયા**) વર્ષ ૨૯ : અંક ૧૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## સાદ પડી ચૂક્યો છે.... કેવળજ્ઞાન આવી રહ્યું છે.

કેવળીભગવાનની પાસેથી જે વાણી આવી છે, અને આગળ વધતાં વધતાં જે કેવળજ્ઞાનની સમીપ પહોંચીને 'દિવ્ય' સ્વરૂપ ધારણ કરવાની છે–એવી વીતરાગવાણીનો નમૂનો આ આત્મધર્મમાં પીરસાય છે. ખરેખર, ગુરુદેવે આ વીતરાગવાણી આપીને આપણને ચૈતન્યસ્વાદ ચખાડયો છે. એ ગુરુદેવના મહિમાનું , એમના ઉપકારનું, વર્ણન કઈ રીતે કરવું !!!

એ તો આપણે સૌ જાણીએ છીએ કે આપણા ગુરુદેવે જોરદાર શ્રુતવડે કેવળજ્ઞાનને સાદ પાડી દીધો છે, અને એ અતીન્દ્રિય સાદ સાંભળીને કેવળજ્ઞાન નજીક–નજીક આવી જ રહ્યું છે.... ત્રણ ભવ પછી તો એ સાક્ષાત્ આવી પહોંચશે....ત્યારના મહોત્સવની તો શી વાત ! અત્યારે પણ, એ કેવળજ્ઞાનલક્ષ્મીના સ્વંયવરમંડપમાં આપણે રોજ રોજ મંગલ–ઉત્સવ વર્તે છે... રોજરોજ મીઠા–મધુર ચૈતન્યરસનું પાન ગુરુદેવ આપણને કરાવી રહ્યા છે... કેવળજ્ઞાન જેમ જેમ નજીક આવી રહ્યું છે તેમ તેમ અહીં આનંદમય ચૈતન્યરસના કસુંબા વધુને વધુ ઘોળાતા જાય છે...ને આપણને પણ એની વધુ ને વધુ પ્રસાદી મલતી જાય છે. અહો ! એ ચૈતન્યરસ ચાખતાં તેની ખુમારીથી અસંખ્યપ્રદેશમાં એવી ઝણઝણાટી થાય છે કે....ગુરુદેવના કેવળજ્ઞાનની સાથે સાથે આપણુંય કેવળજ્ઞાન નજીકનજીક આવી રહ્યું છે....સાદ પડી ચૂક્યો છે...આગમનની મંગલવધાઈ આવી ચૂકી છે....અનંત આનંદસહિત એ કેવળજ્ઞાનનું સ્વાગત કરવા.... વીતરાગભાવથી એને વધાવવા....અને એની અનંત ગંભીરતાને આત્મામાં સમાડી દેવા આપણે ઉત્સુક છીએ....વેલાવેલા પધારો....હે ભગવાન ! સમ્યક્ત્વનાં ફૂલડે આપનું સ્વાગત કરીએ છીએ.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૮
આસો
OCT. 1972

* વર્ષ: ૨૯ અંક ૧૨ *

# ચાલો, મહાવીર પ્રભુના પંથે-

દીવાળી નજીક આવી રહી છે....દીવાળી એટલે વીરપ્રભુના મોક્ષનો મહોત્સવ. એક વર્ષ પછી ભગવાનના મોક્ષને ૨૫૦૦ મું વર્ષ બેસશે, ને ભારતમાં તે વર્ષ આનંદથી આપણે સૌ ઊજવીશું.

અહા, મહા ભાગ્યે આપણે વીરપ્રભુના જૈનશાસનમાં આવ્યા. જૈનશાસન પામીને આપણે આપણું જીવન ઊંચું ઊંચું લઈ જવાનું છે. ઊંચા જીવનનો મૂળ પાયો સાચું તત્ત્વજ્ઞાન છે. ભગવાને કહેલું તત્ત્વજ્ઞાન આપણે ઓળખવું જોઈએ, તે ઓળખીને મોક્ષના માર્ગે જવું જોઈએ, ને એવા તત્ત્વજ્ઞાનનો ઘરેઘરે પ્રચાર કરવો જોઈએ.-એ જ મહાવીર ભગવાનના મુક્તિ-મહોત્સવની સાચી ઊજવણી છે.

એક વર્ષ પછી એવી મહાન ઉજવણી માટે અત્યારથી જ આપણે તૈયાર થવું જોઈએ. બાળકો-યુવાનો-વડીલો! જાગો; આપણે સૌ સાથે એકબીજાના સહકારપૂર્વક એવું ઉત્તમ કાર્ય કરીએ કે આપણું જૈનશાસન શોભી ઊઠે....ને આપણે આનંદથી મહાવીરપ્રભુના પંથે જઈએ.

( આ સંબંધી એક વ્યવસ્થિત યોજના-જેમાં નાના-મોટા સૌ હોંશથી ભાગ લઈ શકે તેવી-રજુ કરવા વિચાર છે. આપ પણ આપના વિચારો અને ભાવનાઓ જણાવો.–સં. )

# મારું લક્ષણ જ્ઞાનચેતના

**આત્મા જ્ઞાની થયો તેનું લક્ષણ શું? તે જ્ઞાની કયા ચિહ્નથી ઓળખાય? તે સમજાવતાં આચાર્યદેવ કહે છે કે- જડ કર્મો કે શરીરાદિ તો તદ્દન જુદાં છે; તે તરફનો ભાવ, એટલે કે કર્મચેતના કે કર્મફળચેતના તે બંનેથી ભિન્ન જ્ઞાનસ્વભાવને છે. જ્ઞાનચેતનાને ઓળખતાં જ જ્ઞાની સાચા સ્વરૂપે ઓળખાય છે. આવી ઓળખાણ કરનાર જીવને પોતામાં પણ જ્ઞાનચેતના પ્રગટે છે. જેને જ્ઞાનચેતના પ્રગટી તેણે અનંત જ્ઞાનીઓને ઓળખીને તેમની અભેદભક્તિ કરી. જ્ઞાનીની આવી જ્ઞાનચેતાનાનું અદ્‌ભૂત-આનંદકારી વર્ણન ગુરુદેવના આ પ્રવચનમાં આપ વાંચશો. (સમયસાર ગાથા ૭૫)**

* ધર્મી જાણે છે કે મારું લક્ષણ જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનામાં અજ્ઞાનમય રાગાદિભાવોનું કે કર્મોનું કર્તાપણું જરાય નથી, અત્યંત જુદાઈ છે.

* ચેતના વગરના રાગાદિભાવોને મારી ચેતના સાથે તન્મયતા કેમ હોય? એટલે, રાગાદિભાવો–કે જેમનામાં ચેતનપણું નથી, તેમને મારી ચેતના સાથે વ્યાપકવ્યાપ્યપણું નથી, તેથી તે મારી ચેતનાનું કાર્ય નથી.

* કર્મચેતના, કે કર્મફળચેતના એ બંને વગરની જ્ઞાનચેતના, તે જ્ઞાનચેતના સાથે મારા આત્માનું તન્મયપરિણમન છે–એમ ધર્મી પોતાને જ્ઞાનચેતનારૂપ અનુભવે છે.

* અહીં બે જ ભાગ પાડીને ધર્મીનું ચિહ્‌ન સમજાવ્યું છે : એક તો જ્ઞાનીના લક્ષણમાં જે સમાય તે ભાગ; અને બીજો જ્ઞાનીના લક્ષણથી જે બહાર રહે તે ભાગ.

**જ્ઞાનીના લક્ષણમાં જે સમાય તે ‘ચેતનભાવ’ છે.**
**જ્ઞાનીના લક્ષણમાં જે ન સમાય તે ‘અચેતનભાવ’ છે.**

–રાગ હો કે કર્મ હો, –તે બધાને અચેતન તરીકે એકપણું છે, તે કોઈને ચૈતનલક્ષણ સાથે એકપણું કે કર્તાકર્મપણું નથી.

* જે આત્મા જ્ઞાનચેતનારૂપે પરિણમે છે તે જ્ઞાની છે. તે જ્ઞાની રાગને જાણે છે ત્યારે, તે રાગને જ્ઞાનના કાર્યરૂપે નથી જાણતા, પણ જ્ઞાનથી અત્યંત ભિન્નપણે તેને જાણે છે. ત્યાં રાગથી જુદું એવું જે જ્ઞાન છે તે જ્ઞાનને જ પોતાના કાર્યપણે કરતો થકો ધર્મીજીવ જ્ઞાનના જ કર્તાપણે પોતાના આત્માને જાણે છે. આત્મા જ્ઞાનસ્વભાવ છે, તેનું કાર્ય ( તેનું રહેવાનું સ્થાન, વ્યાપ્ય ) તો જ્ઞાનમય હોય, રાગમય ન હોય.

‘જ્ઞાનમય’ કાર્ય કહેતાં તેમાં જ્ઞાન સાથેના આનંદ વગેરે અનંતગુણના નિર્મળભાવો આવી જાય છે, પણ તેમાં જ્ઞાનથી વિરુધ્ધ એવા રાગાદિ કોઈ ભાવો આવતા નથી, તેથી તેમને અચેતન કહ્યા છે. જ્ઞાનચેતનામાં સમાય તે બધું ચેતન, ને જ્ઞાનચેતનામાં જે ન સમાય તે બધું અચેતન; તેમાં જ્ઞાની જ્ઞાનચેતનારૂપ થઈને તેને જ કરે છે, ને તે જ્ઞાનચેતનાથી બાહ્ય એવા રાગાદિ અચેતનભાવોને ધર્મીજીવ પોતાના કાર્યપણે કરતો નથી. –આવું જે રાગથી ભિન્ન જ્ઞાનચેતનારૂપ પરિણમન છે તે જ જ્ઞાનીનું ચિહ્ન છે.–આવા ચિહ્નથી જ્ઞાનીને જે ઓળખે તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન જરૂર થઈ જાય છે.

જ્ઞાન અને રાગ–બન્નેની જાત જ જુદી, તેમને એકબીજામાં ભેળસેળ ( વ્યાપ્યવ્યાપકતા ) કેમ હોય? ધર્મીને જ્ઞાનચેતનાનું જે વેદન છે તેમાં રાગનું વેદન જરાય નથી. વાહ, ભેદજ્ઞાનવડે બે ભાગલા જ પાડી દીધાઃ એકકોર જ્ઞાનચેતનારૂપ પરિણમતું જીવદ્રવ્ય; બીજીકોર અચેતનરૂપ પુદ્‌ગલદ્રવ્ય. હવે રાગ–દ્વેષ–ક્રોધાદિ જે કોઈ ભાવો જ્ઞાનચેતનામાં ન સમાય તે બધા ભાવોને અચેતન ગણીને પુદ્‌ગલદ્રવ્યમાં જ નાંખી દીધા. રાગાદિ કોઈ ભાવો,–જેનાથી તીર્થંકરાદિ કર્મપ્રકૃતિ બંધાય તે ભાવ અને તે તીર્થંકરપ્રકૃતિ પણ–જ્ઞાનચેતના સાથે તન્મય નથી, તેથી તે જ્ઞાનીનું કાર્ય નથી, તે તો જ્ઞાનથી ભિન્ન હોવાથી અચેતન છે, તેનો સમાવેશ પુદ્‌ગલમાં થાય છે.–આમ ભેદજ્ઞાન વડે બે ભાગ પાડીને જ્ઞાન અને રાગને જુદા જાણે, ત્યારે જ જ્ઞાનચેતનારૂપ થયેલા જ્ઞાનીને ખરેખર ઓળખી શકાય છે. જ્ઞાનીના જ્ઞાનમાં રાગનું કર્તાપણું કેમ નથી અને તે રાગને ‘અચેતન’ કેમ કહ્યો–એ વાત ભેદજ્ઞાન વડે જ સમજાય તેવી

છે. જ્ઞાન અને રાગની એકતાબુદ્ધિમાં તે વાત સમજાય નહિ.–અહા, આ વાત તો સમકિતી જ ઝીલી શકે, માને અને અનુભવે; બાકી અજ્ઞાનીના ગજાં નથી કે આ વાત ઝીલીને અંદર પચાવી શકે. ધર્મી અંદર પોતાને 'પરમઆનંદનો નાથ' દેખે છે. જ્ઞાનપરિણતિ–આનંદપરિણતિ–શ્રદ્ધાપરિણતિ–તે સર્વે આત્મપરિણામમાં આત્મા પોતે સ્વતંત્રપણે વ્યાપીને, તેનો કર્તા થાય છે, પોતે જ સ્વાધીન સ્વતંત્રપણે તે રૂપ થાય છે. રાગાદિભાવરૂપે પોતે પરિણમતો નથી, તેમાં તન્મય થતો નથી. ધર્મી તો રાગથી ભિન્ન સ્વસંવેદનજ્ઞાનરૂપ થઈને મતિ–શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનને બોલાવે છે....જ્ઞાનમાં તે રાગને કે વિકલ્પને નથી બોલવતો, પણ કેવળજ્ઞાન જેમાં ભર્યું છે એવા અખંડ જ્ઞાનસ્વભાવને પોતાના મતિ–શ્રુતજ્ઞાનવડે અનુભવતો થકો તે કેવળજ્ઞાનને સાદ પાડે છે.–આવી જ્ઞાનદશાવડે જ જ્ઞાની ઓળખાય છે. જ્ઞાનીના અંતરની ઊંડી ચેતનાને જ્ઞાની જ જાણે છે; ઉપરટપકે જોનાર અજ્ઞાનીનું ગજું નથી કે જ્ઞાનીની અંતરચેતનાને ઓળખી શકે.

વ્યાપ્ય–વ્યાપકપણારૂપ એકતા તો તત્સ્વરૂપમાં જ હોય, એક જાતના ભાવમાં જ વ્યાપ્ય–વ્યાપકપણું હોય, પણ અતત્સ્વરૂપમાં એટલે કે ભિન્ન ભિન્ન જાતના ભાવોમાં એકતારૂપ વ્યાપ્ય–વ્યાપકભાવ ન હોય. જ્ઞાનને અને રાગને તત્સ્વરૂપપણું નથી એટલે એકપણું નથી, પણ અતત્પણું છે એટલે ભિન્નપણું છે; તેથી જ્ઞાનમાં રાગ રહેતો નથી, ને રાગમાં જ્ઞાન રહેતુ નથી; બંનેને અત્યંત ભિન્નપણું છે તેથી તેમને કર્તાકર્મપણું નથી. આવા પરભાવોથી ભિન્ન જ્ઞાનપણે પોતાને અનુભવનાર જીવ જ્ઞાની છે. રાગના કર્તૃત્વથી રહિત એવો તે જ્ઞાની જ્ઞાનચેતનાને જ પોતાના કાર્યપણે કરતો થકો શોભે છે. જ્ઞાન જ જેનું કાર્ય છે એવા પોતાના આત્માને તે જાણે છે.

શુદ્ધસ્વભાવમાં જેની દ્રષ્ટિ તન્મય થઈ છે તેને પોતામાં રાગનું અસ્તિત્વ જ ક્યાં છે? એટલે તેને રાગાદિનું કર્તૃત્વ રહેતું નથી. જે રાગાદિ કે કર્મ–નોકર્મ છે તે બધાય જ્ઞાનથી બહાર જ્ઞેયપણે છે, પણ જ્ઞાનીના કાર્યપણે નથી. જ્ઞાનીનું કાર્ય તો જ્ઞાનમય જ છે.

અજ્ઞાનીને જે રાગાદિભાવો થાય છે તેમાં તથા કર્મ–નોકર્મમાં એકત્વબુદ્ધિ છે, તેથી તે અજ્ઞાનીનો અજ્ઞાનભાવ જ નિશ્ચયથી રાગાદિનો કર્તા છે, તથા તે કર્મ–નોકર્મનો પણ નિમિત્તકર્તા થાય છે. રાગથી જુદું ચેતનસ્વરૂપ આત્માનું કોઈ અસ્તિત્વ તો અજ્ઞાનીને દેખાતું નથી. જો ચેતનસ્વરૂપ ભગવાન આત્માને દ્રષ્ટિમાં લ્યે–તો તો તે પર્યાય રાગથી જુદી પડીને તેની અકર્તા થઈ જાય.

આવી એકત્વસ્વભાવની જ્ઞાનચેતનારૂપે, અને રાગાદિના અકર્તારૂપે જે પરિણમ્યો

છે એવા જ્ઞાનીના ચિહ્નની આ વાત છે. અહા, હું તો પરમ શાંત ચેતનતત્ત્વ, મારામાં હર્ષ–શોકનું વેદન કેવું? કે રાગ–દ્વેષનું કર્તાપણું મારામાં કેવું? જ્ઞાનચેતનારૂપ થયેલો હું –તેમાં કોઈ કર્મચેતના કે કર્મફળચેતના નથી. ચેતનામાં તે નથી માટે તેને પુદ્ગલમય કહ્યા છે. ભલે તે અરૂપી વિકારી પરિણામ છે, પણ તેનો સમાવેશ ધર્મીની જ્ઞાનચેતનામાં થતો નથી, માટે તેને અચેતન–પુદ્ગલમય કહી દીધા; તે અચેતન હોવાથી પુદ્ગલની જ જાત છે, ચેતનની જાત તે નથી.

અહા, જુઓ તો ખરા આ ધર્મીનું ભેદજ્ઞાન! પોતાના ચેતનભાવ સિવાય બીજે બધેથી તેની સુખબુદ્ધિ ઊડી ગઈ છે. હવે તેની ચેતના પોતાના સ્વભાવસન્મુખ થઈને પોતાના જ્ઞાન–સુખ–શ્રદ્ધા વગેરે નિર્મળભાવોને જ કરે છે ને પોતાના તે નિર્મળકાર્યમાં જ ધર્મીજીવ કર્તાપણે તન્મય થઈને વ્યાપે છે. પણ ચેતનથી વિરુધ્ધ એવા રાગાદિ કોઈપણ ભાવોને તે પોતાની સાથે તન્મયરૂપ જાણતો નથી, તેનો કર્તા થતો નથી, તેમાં વ્યાપતો નથી. આવું જે જ્ઞાન અને રાગનું અત્યંત ભિન્ન પરિણમન તે જ્ઞાનીનું લક્ષણ છે.

જ્ઞાનીનું લક્ષણ એટલે જ્ઞાનીને ઓળખવાનું ચિહ્ન, તે તો જ્ઞાનમય જ હોય ને! જ્ઞાનીનું લક્ષણ કાંઈ રાગમય ન હોય. કેમકે જ્ઞાનને અને રાગને એકબીજામાં વ્યાપક–વ્યાપ્યપણું નથી, બંનેને વિલક્ષણપણું છે. જ્ઞાન શુચીરૂપ છે ને રાગ અશુચી છે, જ્ઞાન તો આત્માના ચેતનસ્વભાવથી અવિપરીત વર્તતું થકું સ્વ–પરને જાણનાર છે, ત્યારે રાગાદિભાવો તો આત્માના ચેતનસ્વભાવથી વિપરીત વર્તતા થકા સ્વ–પરને જાણતા નથી, તેઓ પોતે પોતાને જાણતા નથી, પણ તેનાથી બીજો (એટલે કે જ્ઞાનસ્વભાવી જીવ જ) તેને જાણે છે; જ્ઞાન તો નિરાકુળ વર્તતું થકું શાંત–અનાકુળ–સુખનું કારણ છે, રાગાદિભાવો તો આકુળતામય હોવાથી દુઃખના કારણ છે.–આમ અત્યંત વિવેકથી બંનેનું સ્પષ્ટ જુદાપણું જાણીને જ્ઞાની પોતાના જ્ઞાનભાવરૂપ પરિણમ્યો છે, ને રાગાદિ પરિણમનથી તેની જ્ઞાનપરિણતિ પાછી વળી ગઈ છે,–છૂટી પડી ગઈ છે. તેનું જ્ઞાન હવે જ્ઞાનરૂપ જ રહે છે ને તેમાં રાગાદિનો અભાવ જ છે. તેથી તે જ્ઞાન આસ્રવોથી છૂટયું છે ને મોક્ષમાર્ગમાં પરિણમ્યું છે. આવું જ્ઞાનપરિણમન તે જ જ્ઞાનીનું કાર્ય છે, તે જ જ્ઞાનીનું ચિહ્ન છે, તેના વડે જ જ્ઞાની ઓળખાય છે.

જ્ઞાનીના જ્ઞાનભાવમાં કર્મનું કે રાગાદિનું તો કર્તાપણું છે જ નહિ; પણ જ્ઞાની આત્મા કર્તા અને જ્ઞાન તેનું કાર્ય એમ કર્તા–કર્મના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. અભેદ આત્માની અનુભૂતિમાં કાંઈ ‘હું કર્તા ને જ્ઞાન મારું કાર્ય’ એવા ભેદ કે વિકલ્પ રહેતા નથી. અહીં જ્ઞાનીનું લક્ષણ એટલે કે જ્ઞાનીનું કાર્ય સમજાવવા માટે

કર્તા–કર્મના ભેદ પાડીને સમજાવ્યું છે.

જેમ માટી અને ઘડો એક જ સ્વરૂપના હોવાથી વ્યાપ્ય–વ્યાપકપણે તેમને કર્તા–કર્મપણું છે, પણ તેમ જ્ઞાન અને રાગ કાંઈ એક સ્વરૂપવાળા નથી એટલે તેમને વ્યાપ્ય–વ્યાપકપણું કે કર્તા–કર્મપણું નથી. જ્ઞાની રાગને જાણે ભલે પણ 'આ મારા જ્ઞાનનું કાર્ય છે' એમ તે નથી જાણતા; હું ચેતનસ્વભાવી છું ને જ્ઞાન જ મારું કાર્ય છે–એમ તે જ્ઞાનદ્રષ્ટિથી પોતાને અનુભવે છે.

અહા, આવા જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ દોહ્યલી છે.....અને એનાં મહાન ફળની તો શી વાત! ભવ વગરની મારી ચેતનવસ્તુ, તેમાં ઝૂકેલી મારી ચેતના, તે ચેતનામાં ભવનો ભાવ નથી.–મારું લક્ષણ જ્ઞાનચેતના છે.

ભાઈ, તેં રાગાદિને પોતાનાં માન્યા ત્યાંસુધી અજ્ઞાનભાવે તેનું કર્તુત્વ છે; પણ જ્યાં ભેદજ્ઞાન કરીને, રાગથી અત્યંત ભિન્ન એકલા ચેતકસ્વભાવે પોતે પોતાને અનુભવ્યો ત્યાં તારા જ્ઞાનમાં અજ્ઞાન ન રહ્યું ને રાગનું કર્તાપણું પણ ન રહ્યું. તારામાં તેનું અસ્તિત્વ જ નથી એટલે તે રાગાદિ પણ અભેદપણે પુદ્ગલમાં જ નાંખી દીધા. ને રાગના કર્તુત્વથી છૂટીને, જ્ઞાન જ્ઞાનમાં જ કેલિ કરતું–કરતું મોક્ષના મારગે ચાલ્યું.

અહા, કુંદકુંદાચાર્યદેવના હૃદયનાં અમૃત, અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારમાં ખુલ્લા મુકયા છે. જ્ઞાનીની પરિણતિમાં તો આવી જ્ઞાનચેતનાનાં અમૃત વહે છે; તેમાં રાગનો કોઈ અંશ સમાય નહીં. આવી ઓળખાણ કર્યાં વગર જ્ઞાનીને ખરખેર ઓળખાય નહીં.

જ્ઞાની તો કહે છે કે હું મારા આનંદમાં વ્યાપનારો છું, તેમાં વરસનારો છું ; મારું વ્યાપ્ય–સ્થાન તો મારા જ્ઞાન–આનંદ વગેરે શુદ્ધ પરિણામો છે. રાગાદિ બાહ્યભાવોમાં કાંઈ મારું રહેઠાણ નથી, કેમકે તે ભાવો મારી ચેતનાની જાતના નથી. સવિકલ્પદશા હો કે નિર્વિકલ્પદશા હો–ગમે ત્યારે ધર્મી પોતાના આત્માને જ્ઞાનાદિ અનંત નિર્મળભાવોમાં જ વ્યાપેલો જાણે છે, ને તે નિર્મળ ભાવનો જ તે કર્તા થાય છે. રાગાદિ કોઈ ભાવોનો તે કર્તા થતો નથી, સવિકલ્પદશા વખતેય ધર્મી કાંઈ તે વિકલ્પનો કર્તા થતો નથી, તે વખતે વિકલ્પથી જુદું વર્તતું જે જ્ઞાન, તેનો જ તે કર્તા થાય છે. ધર્મી રાગને જાણે ભલે પણ તે રાગનો કર્તા થતો નથી, તે રાગના જ્ઞાનનો જ કર્તા થાય છે.

આવી જ્ઞાનચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને મરણની બીક શી? દેહમાં હું રહ્યો જ નથી પછી મને મરણ કેવું? હું તો મારી ચેતનાપરિણતિમાં જ રહ્યો છું.–આવી

ચેતનાપરિણતિનું નામ જૈનધર્મ છે. અહા! આવો જૈનધર્મ! તેનું સ્વરૂપ જે સમજયો તેને ભવ રહેતા નથી.

અરે, ચોરાશીના દુઃખના અવતાર જેનાથી કરવા પડે તે ભાવ ધર્મી જીવનું કાર્ય કર્મ હોય? બાપુ! ગંભીર જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા, તેને જાણીને ભવનો અંત કરવા માટેનો આ ભવ છે.

રાગ વખતે જ્ઞાની તો 'જ્ઞાની' જ રહે છે, રાગી થતો નથી. રાગને 'જાણવાની' ક્રિયા તે કરે છે, પણ રાગને 'કરવાની' ક્રિયા તે કરતો નથી. (જ્ઞપ્તિક્રિયા કરે છે, કરોતિક્રિયા કરતો નથી.)

અરે, શું સજ્જન–આર્યમાણસના ઘરમાં તે કાંઈ માંસ રાંધવાના કામ થાય?–કદી ન થાય. તેમ સત્ એવો જ્ઞાનસ્વભાવ, તેમાં વર્તતા સત્જન–જ્ઞાની આર્યધર્માત્મા, તેના જ્ઞાનઘરમાં રાગાદિ વિકારનાં કાર્ય કેમ થાય?–ન જ થાય. જ્ઞાનઘરમાં વિકાર હોય નહીં. માટે જ્ઞાની ધર્માત્મા રાગાદિ વિકારભાવનો અકર્તા જ છે; એનું કાર્ય તો પરમ શાંત વીતરાગભાવરૂપ છે; તેમાં જ વ્યાપીને તેને તે ગ્રહણ કરે છે.

મારી સમ્યક્ત્વાદિ જે નિર્મળપર્યાયો છે તેના આદિ–મધ્ય–અંતમાં એટલે કે તેમાં સર્વત્ર મારો શુદ્ધ આત્મા જ રહેલો છે, પણ આદિમાં–મધ્યમાં કે અંતમાં ક્યાંય કર્મ કે રાગાદિ પરભાવો મારી પર્યાયમાં રહેલા નથી; મારી સમ્યક્ત્વાદિ પર્યાયોમાં મારા શુદ્ધ આત્મા સિવાય બીજા કોઈને હું ગ્રહતો નથી, તેનું અવલંબન લેતો નથી. મને મારી સમ્યક્ત્વપર્યાયમાં, જ્ઞાનમાં, આનંદમાં, ક્યાંય રાગનું–નિમિત્તનું, દેવ–ગુરુ–શાસ્ત્રનું કોઈનું ગ્રહણ નથી, પણ મારા આત્માનું જ ગ્રહણ છે, તેને જ હું ગ્રહણ કરું છું. સમ્યક્ત્વપર્યાય આત્મારૂપે થઈને ઊપજી છે, રાગરૂપે થઈને નથી ઊપજી.–કર્તા થઈને પોતાની આવી જ્ઞાનચેતનારૂપ પર્યાયને કરે છે–તે જ ધર્મીનું લક્ષણ છે.

❀ जय ज्ञानचेतना ❀

**સમયસાર ગા. ૭૫-૭૮ માં ધર્માત્માના ચિહ્નરૂપ જ્ઞાનચેતનાનું અદ્ભૂત વર્ણન આપ વાંચી રહ્યા છો.**


જ્ઞાનચેતનારૂપ થયેલો સાધક એકલા ચૈતન્યના આનંદને જ ભોગવે છે; હજી

પર્યાયમાં થોડા રાગ–દ્વેષ કે હર્ષ–શોક પરિણામ છે તેનું કર્તા–ભોક્તાપણું તેની ચેતનામાં નથી, તે તો ચેતનાથી બહાર છે. ધર્મી તો આનંદમય ચેતનારૂપે જ પોતાને કરે–ભોગવે છે.

જ્ઞાનચેતનારૂપ થયેલો એક ભોક્તા, તે પરસ્પર વિરુધ્ધ બે ભાવોને કેમ ભોગવે ? અતીન્દ્રિય આનંદને પણ ભોગવે ને હર્ષ–શોકને પણ ભોગવે એમ બે ભાવોનું જ્ઞાનીને ભોક્તાપણું નથી; તેની ચેતનામાં પરમ આનંદનો જ ભોગવટો છે, તેમાં કર્મફળચેતનાનો તદ્દન અભાવ છે. જ્ઞાનચેતનામાં સર્વત્ર વીતરાગીઆનંદ જ ભર્યો છે, જ્ઞાન ચેતનામાં ક્યાંય હર્ષ–શોક જરાપણ વ્યાપ્યા નથી. હર્ષ–શોકને જાણતી વખતે પણ જ્ઞાનચેતના તો જ્ઞાનચેતનારૂપ જ રહે છે, હર્ષ–શોકરૂપ થતી નથી. જ્ઞાનચેતના તે જ્ઞાનીનો ભાવ છે, હર્ષ–શોકાદિ તે જ્ઞાનીના ભાવ નથી, જ્ઞાનીની ચેતનામાંથી તે નીકળ્યા નથી, એટલે તેના વડે જ્ઞાની ઓળખાતો નથી. અજ્ઞાનીના અજ્ઞાનભાવ સાથે રાગાદિને કર્તા–કર્મપણું છે તેમજ હર્ષાદિનું ભોક્તા–ભોગ્યપણું છે, પણ જ્ઞાનીના જ્ઞાનભાવમાં તો રાગાદિનું કે હર્ષાદિનું કર્તા–ભોક્તાપણું નથી. જ્ઞાન–જ્ઞેયપણા સિવાય જ્ઞાનીના જ્ઞાનને રાગાદિ સાથે બીજો કોઈ સંબંધ નથી. ચૈતન્યગોળો રાગાદિથી છૂટો પડી ગયો–તે જ્ઞાનીના ચૈતન્યભાવની શી વાત ? એ ચૈતન્યભાવને જગતના કોઈ રાગ–દ્વેષ–હર્ષ–શોક–કર્મ સ્પર્શી શકે નહિ, તે બધા પરભાવોથી ઉપરને ઉપર તરતો છૂટો આનંદમય ચૈતન્યગાળો,–તે રૂપે જ જ્ઞાની પોતાને અનુભવે છે. ચૈતન્ય પાસે રાગની કે હર્ષની કાંઈ જ કિંમત નથી. ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા વચ્ચે પણ જ્ઞાનીનો ચૈતન્યગોળો ભીંસાતો નથી, છૂટો ને છૂટો રહે છે. કોણ દેખશે જ્ઞાનીના આ ભાવને ? જેનું જ્ઞાન રાગથી–હર્ષ–શોકથી છૂટું પડે તે જ આવા જ્ઞાનીને ઓળખી શકે છે. અહો ! નિર્વિકલ્પ દ્રષ્ટિની જ આ તાકાત છે કે પરભાવોથી ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવરૂપ અચિંત્ય અદ્ભૂત પરમતત્ત્વને પોતામાં દેખે છે; વિકલ્પમાં કે ઇન્દ્રિયજ્ઞાનમાં એવી તાકાત નથી કે આવા અદ્ભૂત પરમસ્વભાવી આત્માને દેખી શકે. અહા, કેવડી મોટી ચૈતન્યચીજ અંદર પડી છે ! એને ભેટવા એની સન્મુખ થવું પડશે. રાગની સન્મુખતા વડે 'આવડો મોટો' ચૈતન્યપ્રભુ ક્યાંથી દેખાય ? રાગથી જુદો પડીને આવડા મહાન ચૈતન્યપ્રભુની સન્મુખ જે થયો તે તો કેવળજ્ઞાન લેવા માટે ઊપડયો....એવો ઊપડયો કે હવે આનંદ કરતો–કરતો અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છે....છે....છે.

# 卐 મારો આત્મા 卐

## હું મારા સ્વભાવની એકત્વભાવનારૂપે પરિણમ્યો છું.



હમણાં–હમણાં નિયમસારના પ્રવચનમાં ગુરુદેવના ભાવો ખૂબ ખૂબ ખીલી રહ્યા છે....ને શુદ્ધાત્મભાવનામાં મુમુક્ષુને એકતાન કરીને અધ્યાત્મસુખની કોઈ અનેરી નગરીમાં લઈ જાય છે. વાહ! જાણે કુંદકુંદપ્રભુ સાક્ષાત્ પધાર્યા હોય, આત્મશોધક મુમુક્ષુ જીવ તેમને પૂછતો હોય કે પ્રભો! મારો શુદ્ધાત્મા કેવો છે તે મને બતાવો! અને કુંદકુંદપ્રભુ નિજવૈભવ ખોલીને તેને શુદ્ધાત્મા દેખાડતા હોય! એવી સરસ રચના છે.

શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે અહો! આવા અચિંત્ય ગંભીર મહિમાવંત એકત્વ–વિભક્ત સ્વરૂપને હું મારા આત્મવૈભવ વડે દેખાડું છું.....મેં પરમાત્મા પાસેથી સાક્ષાત્ સાંભળ્યું છે, તે સ્વસંવેદનથી જાતે અનુભવ્યું છે, તે સ્વરૂપ હું તને દેખાડું છું, તો તું પણ તરત જ સ્વાનુભવ વડે તારા સ્વરૂપને પ્રત્યક્ષ કરજે. બીજે ક્યાંય અટકીશ નહીં; તરત અંદર ઊતરીને તારા આત્માના અચિંત્ય અપાર વૈભવને પ્રાપ્ત કરી લેજે.–ઋષભદેવના જીવની જેમ.

(સોનગઢ સોસાયટીમાં ભાઈશ્રી પોપટલાલ ધારશીના મકાનના વાસ્તુપ્રસંગે, પૂ. ગુરુદેવનું પ્રવચન : નિયમસાર ગા. ૧૦૨, ભાદ્ર વદ ૨)

જ્ઞાન–દર્શનલક્ષણથી પરિપૂર્ણ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને શાશ્વત એવો આત્મા એક જ મારો છે, સંયોગલક્ષણવાળા બીજા બધાય ભાવો મારાથી બહાર છે, તે

કોઈ મારું સ્વરૂપ નથી–એમ ધર્મી પોતાના એકત્વસ્વરૂપને અનુભવે છે.–તેનું વર્ણન આચાર્યદેવ આ ગાથામાં કરે છે.

**મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ( ૧૦૨ )**

જ્ઞાનલક્ષણ વડે આત્માને પ્રત્યક્ષ કરીને ધર્મી જાણે છે કે હું તો જ્ઞાનદર્શન લક્ષણથી પરિપૂર્ણ, શાશ્વત, એક આત્મા છું. અન્ય સમસ્ત ભાવો મારા જ્ઞાનલક્ષણથી બહાર છે, તે કોઈ હું નથી. અહો, આવા સ્વસંવેદ્ય આત્મામાં ભવના કારણરૂપ કોઈ ભાવો નથી, તો મારે ભવ કેવા? ને શરીર કેવું? આમ શરીરાદિથી ભિન્ન એકત્વ આત્માને અનુભવે છે.

જ્ઞાનદર્શનલક્ષણમાં તો અતીન્દ્રિય આનંદ છે; આવા અતીન્દ્રિયસ્વભાવને સ્પર્શ્યા વિના, અનુભવ્યા વિના જીવ શુભાશુભભાવથી ચારગતિમાં શરીર ધારણ કરી કરીને એકલો સંસારમાં ભમી રહ્યો છે. શ્રીગુરુના ઉપદેશઅનુસાર આત્માને જાણીને ભવ્ય જીવ સમસ્ત શુભાશુભને પોતાની બહાર જાણીને અતીન્દ્રિય આનંદમાં ઘૂસી જાય છે ને એકલો–એકલો મોક્ષસુખને સાધે છે. ધર્મી જાણે છે કે અહો, હું તો મારા આનંદમાં છું, એકલો–એકલો હું મારા આત્મામાં આનંદરૂપે પરિણમું છું. મારો આત્મા તો મારા આનંદમાં છે. મારા જ્ઞાન–દર્શન–આનંદમાં કોઈ પણ રાગાદિ ભાવોનો પ્રવેશ નથી. આ રીતે ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને એકત્વભાવનારૂપે પરિણમેલા જ્ઞાની એકલા–એકલા અનુભવના સુખને ભોગવતા–ભોગવતા મોક્ષને સાધે છે.

અહા, મારી ચૈતન્યવસ્તુ! તેને શ્રીગુરુના પ્રસાદથી મેં કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરી છે, હવે તેના સહજ અતીન્દ્રિયસુખને ભોગવતો થકો તેને જ હું ઉપાદેય કરું છું. અહા, મારા આ ચૈતન્યસુખ પાસે શુભાશુભવિકલ્પો એ તો બધા આડંબર છે, મારા સ્વરૂપથી તે બાહ્ય છે.

મારી ચૈતન્યવસ્તુ જ્ઞાનદર્શનલક્ષણરૂપ છે; જ્ઞાનદર્શનમય ચેતનામાં રાગાદિ ભાવકર્મ કેવા? મારી ચેતનામાં રાગાદિ ભાવકર્મો કે દ્રવ્યોકર્મો નથી, તો તેના ફળરૂપ શરીર મારામાં કેવું? મારા ચૈતનલક્ષણ પણે હું સદા શાશ્વત એકરૂપ રહેનાર છું.–આવું એકત્વસ્વરૂપ શ્રી પરમગુરુદ્વારા પ્રાપ્ત થયું, એટલે પોતાના એકત્વસ્વભાવનો નિશ્ચય થયો, ને સમસ્ત પરભાવોને પોતાની ચેતનાથી બહાર જુદા જાણ્યા.

ભાઈ, આ આત્માની એકત્વભાવના સિવાય બીજું બંધુય સંસારનું જ કારણ છે.

એકત્વભાવના–એટલે એકલા ચેતનલક્ષણથી પરિપૂર્ણ આત્માની એકની જ ભાવના, તેમા બીજા કોઈ પરભાવનો પ્રવેશ નહિ;–આવા એકત્વભાવનામાં રાગાદિ પરભાવનો અભાવ છે, કર્મનો અભાવ છે, શરીરનો અભાવ છે, એટલે સંસારનો અભાવ છે. અહા! આવા એકત્વસ્વરૂપને પામીને તેમાં જે સ્થિત રહે છે, તેનો અવતાર ધન્ય છે! એણે સંસારની જેલનાં બંધન તોડી નાંખ્યા, ને ચૈતન્યના મહાન આનંદને પોતામાં અનુભવ્યો.–મોક્ષનગરીમાં તેનો પ્રવેશ થયો....ચારગતિ કરતાં જુદી એવી નવી ગતિ તેણે પ્રાપ્ત કરી.....અહા, સિદ્ધગતિના મહિમાની શી વાત! એ તો અનુપમ છે; જન્મ–મરણ વગરની ધ્રુવ છે. આવી અપૂર્વ સિદ્ધગતિ અંતરમાં એકત્વસ્વભાવની ભાવનાવડે પમાય છે.

ધર્મી કેવી એકત્વભાવના ભાવે છે તેનું આ અલૌકિક વર્ણન છે. પુણ્ય–પાપના દ્વંદ્વથી પાર એવી ચેતના જ મારું લક્ષણ છે. મારી ચેતના જ્ઞાનદર્શનથી પૂર્ણ છે, અને પરભાવથી ખાલી છે. તીર્થંકર પરમાત્મા સીમંધરભગવાન સમવસરણ–સભામાં ઇન્દ્રો અને ગણધરોની હાજરીમાં આવા એકત્વસ્વભાવની વાત સંભળાવે છે; તે એકત્વસ્વભાવ સાંભળતાં ઇન્દ્ર તેના અચિંત્ય મહિમા પાસે ઇન્દ્રપદને પણ સાવ તૂચ્છ ગણે છે, ને આવા એકત્વસ્વભાવને પરમ ભક્તિથી આદરીને તે પણ એકાવતારી થાય છે.

શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે અહો! આવા અચિંત્ય ગંભીર મહિમાવંત એકત્વવિભક્તસ્વરૂપને હું મારા આત્મવૈભવવડે દેખાડું છું.... મેં પ્રભુ પાસેથી સાક્ષાત્ સાંભળ્યું છે ને સ્વસંવેદનથી જાતે પ્રત્યક્ષ અનુભવ્યું છે, તે સ્વરૂપ હું તને દેખાડું છું, તો તું પણ તરત જ સ્વાનુભવવડે તારા સ્વરૂપને પ્રત્યક્ષ કરજે. બીજે ક્યાંય અટકીશ નહીં, તરત અંદર ઊતરીને તારા એકત્વસ્વરૂપના અચિંત્ય અપાર વૈભવને પ્રાપ્ત કરી લેજે.

અહા, ‘આત્મા’ તે કોને કહેવાય!! આ શરીર તો જડ છે, અંદરના શુભાશુભવિકલ્પો તો જન્મ–મરણનું કારણ છે–એને ‘આત્મા’ કેમ કહેવાય? આત્મા તો શાશ્વતપણે જ્ઞાનદર્શનલક્ષણમાં રહેલો છે,–તેના જ્ઞાનદર્શનલક્ષણમાં રાગની–કર્મની કે શરીરની કોઈ ઉપાધિ નથી, ત્રણેકાળ તે નિરૂપાધિ છે; ત્રણેકાળે નિરાવરણ એવા જ્ઞાનદર્શનસ્વભાવથી લક્ષિત આત્મા છે.–તે એક જ હું છું–એમ અંતર્મુખ પર્યાયવડે ધર્મીજીવ પોતાના એકત્વસ્વભાવની ભાવનારૂપે પરિણમ્યા છે. અહો! આવી ભાવના તે સમ્યગ્દર્શનની રીત છે, આવી ભાવનામાં અતીન્દ્રિયસુખ છે, ને આવી ભાવના તે ભવના નાશનું કારણ છે, તે જ મોક્ષપુરીનો પંથ છે. જેણે આવી ભાવના ભાવી તેણે સાદિ–અનંતકાળ આનંદમય સ્વઘરમાં વાસ્તુ કર્યું.

અરે, ક્યાં ચેતનલક્ષણવંત ભગવાન આત્મા!! ને ક્યાં શુભાશુભવિકલ્પો! બંનેને કાંઈ લાગતુંવળગતું નથી. ધર્મીજીવે અંતર્મુખ થઈને ભગવાન આત્માને જ્યાં અનુભવમાં લીધો ત્યાં તેની પર્યાય શુભાશુભવિકલ્પોથી જુદી થઈ ગઈ; તે સમ્યગ્દૃષ્ટિ 'ભગવાન' થઈ ગયો; ભગવાનનો વારસો તેણે લીધો.

ભાઈ, એકવાર આવા આત્માને નિર્ણયમાં તો લે. આવો નિર્ણય કરતાં આત્મા ભવસમુદ્રના કિનારે આવી ગયો, ને મોક્ષનગરીની નજીક પહોંચ્યો. મારો આત્મા મારો કારણપરમાત્મા છે, તેની ભાવનામાં રાગાદિ કોઈ પરભાવો નથી, તે બધા પરભાવો મારાથી બાહ્ય છે. મેં અંતરમાં 'કારણપરમાત્મા' ને મારા કારણ તરીકે પકડયો એટલે પર્યાયમાં પણ સમ્યક્ત્વાદિ આનંદમય કાર્ય વર્તી રહ્યું છે. મારા કારણ સાથે શુદ્ધકાર્યની સંધિ છે, તેમાં રાગાદિ બધા ભાવો મારા સ્વરૂપથી બહાર રહી જાય છે.–તે રાગાદિ ભાવોને મારા કારણપરમાત્મા સાથે સંધિ નથી. જુઓ તો ખરા! આ ધર્માત્માની એકત્વભાવના! આવો એક આત્મા જ હું છું,–એના સિવાય અન્ય કોઈ પણ ભાવોને ધર્મી પોતાપણે ભાવતા નથી, જુદા જ જાણે છે. મારો કારણપરમાત્મા તો મારા અતીન્દ્રિયઆનંદનું કારણ થાય છે,–પણ મારો કારણપરમાત્મા કાંઈ શરીરનું કે ભવનું કારણ થાય તેવો નથી. આવા કારણપરમાત્માની ભાવનામાં પરિણમેલો હોવાથી મારામાં શરીર કે સંસાર નથી. સંસારનું કારણ થાય એવું કોઈ લક્ષણ મારામાં છે જ નહીં, મારામાં તો જ્ઞાનદર્શનલક્ષણ છે, જ્ઞાનદર્શનમય ચેતના તે મારું શાશ્વત લક્ષણ છે, તે આનંદમય છે.

આ શરીર તો સંસારરૂપી નંદનવનને સીંચવા માટે ધોરિયા જેવું છે. ભાઈ, શરીરના લક્ષે તો તારા સંસારનું વન ઊગશે. અજ્ઞાનીને સંસારમાં શરીરાદિની અનુકુળતાના સંયોગો નંદનવન જેવા લાગે છે.–બાપુ! એમાં તો દુઃખ છે. તારું ચૈતન્યતત્ત્વ તે સંસારની ઉત્પત્તિના કારણ વગરનું છે. જ્ઞાનલક્ષણથી આત્માને લક્ષિત કરતાં સંસારરૂપી નંદનવન સુકાઈ જશે, અને તેને બદલે તારા આત્મામાં સમ્યક્ત્વાદિ અનંત ગુણના આંનદ બગીચા ખીલી નીકળશે.–આવા પરમ શાંત ચૈતન્યની ભાવનામાં શુભ–અશુભ કોઈ વિકલ્પોનો કોલાહલ નથી.

મારો ચેતનનાથ એવો નથી કે રાગને ભોગવે; મારો ચેતનનાથ તો ત્રિકાળ અતીન્દ્રિય મહા આનંદને ભોગવનાર છે; તે જ મારી સર્વ પર્યાયોમાં ઉપાદેયપણે વસેલો છે. મારી પરિણતિમાં રાગનો વાસ નથી; મારી પરિણતિને માટે તો મારો આ આનંદમય કારણપરમાત્મા જ ઉપાદેયપણે બિરાજી રહ્યો છે.–'આ રહ્યો હાજરાહજૂર...મારા સ્વ–

સંવેદનમાં વર્તી રહ્યો છે.'

અહા, મારો આત્મા... એમાંથી તો મહા આનંદનો જ ફૂવારો નીકળે છે... શુભાશુભવિકલ્પોનો કોલાહલ એમાંથી નથી આવતો. સંસારનો બધો કોલાહલ મારા તત્ત્વથી બહાર છે. સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ મારું તત્ત્વ અતીન્દ્રિયસુખને ભોગવનારું છે, તે જ મારા શ્રદ્ધા-જ્ઞાનાદિ સર્વે પર્યાયોમાં ઉપાદેય છે. આમ સ્વતત્ત્વને એકને જ ઉપાદેય કરીને તેમાં અંતર્મુખ એકત્વભાવનારૂપે પરિણમેલા મારા આત્મામાં આનંદના સુંદર ફૂવારા પ્રગટયા છે....અસખ્યપ્રદેશે અનંતગુણનો અતીન્દ્રિય બગીચો ખીલ્યો છે.

શરીર સાથેની એકત્વબુદ્ધિથી તો સંસારવન ફળશે, શરીરમાં એકત્વબુદ્ધિને લીધે તો ચારેકોરથી સંસારવનની પુષ્ટિ કરનારા શુભાશુભભાવોનો ધોરિયો વહે છે, પણ તેમાંથી કાંઈ શાંતિનો ધોરિયો નીકળતો નથી.

**શરીરમાં એકત્વ એ તો સંસારવનને પોષવાનો ધોરિયો છે,**
**ચૈતન્યમાં એકત્વભાવના તે મોક્ષના બાગને પોષવાનો ફૂવારો છે.**

ભાઈ, શરીરથી ભિન્ન તારા આત્માને જ્ઞાનલક્ષણથી લક્ષમાં લઈને, તેની એકત્વભાવના કરતાં તારા આત્મામાં અસંખ્યપ્રદેશે અતીન્દ્રિયઆનંદના ફૂવારા ઊછળશે, ને સંસારનું વન સુકાઈ જશે, જન્મ-મરણ મટી જશે. માટે આવા આત્માની ભાવના કર.

## ક્રિયા : ૧-૨-૩

**પ્રશ્ન** :- જેનામાં જ્ઞાન ન હોય તેને ક્રિયા હોય?

**ઉત્તર** :- હા; તેનામાં જ્ઞાનક્રિયા ન હોય પણ જડક્રિયા તો હોય. અજીવપદાર્થોમાં જ્ઞાન ન હોવા છતાં તેની અજીવક્રિયાને તો તે કરે જ છે. જીવ કે અજીવ દરેક પદાર્થ પોતેપોતાની ક્રિયાસંપન્ન જ હોય છે, ક્રિયા વગરનો કોઈ પદાર્થ હોતો નથી. એટલે મારા જ્ઞાનસિવાય બીજા કોઈ અજીવની કે બીજાની ક્રિયા હું કરું એમ માનનારા જીવ અજ્ઞાની છે. જ્ઞાની તો જ્ઞાનક્રિયાને જ પોતાની જાણીને તેનો જ કર્તા થાય છે. જ્ઞાનીની ક્રિયા જ્ઞાનમય છે, અજ્ઞાનીની ક્રિયા રાગ-દ્વેષમય છે, જડની ક્રિયા જડમય છે. ત્રણે ક્રિયાને બરાબર ઓળખનાર જીવ જડની અને વિકારની ક્રિયાનો અકર્તા થઈને પોતાના જ્ઞાનની વીતરાગી ક્રિયાને કરે છે. આવી ક્રિયા તે મોક્ષની ક્રિયા છે, તે ધર્મની ક્રિયા છે.

# મારી સર્વપર્યાયોમાં મારો આત્મા જ છે

મારી એક્કેય પર્યાયમાં રાગની તન્મયતા નથી, મારો શુદ્ધ આત્મા જ મારા શ્રદ્ધા–જ્ઞાનાદિ સર્વ પર્યાયોમાં તન્મયપણે વર્તે છે; મારી એક્કેય પર્યાયમાં મારા ચૈતન્યનાથનો વિરહ મને નથી,–એમ ધર્મપર્યાયરૂપે પરિણમેલો ધર્મી જીવ પોતાના આત્માને અનુભવે છે.

નિજસ્વભાવની અંતર્મુખ ભાવના વડે સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો ધર્માત્મા જાણે છે કે–

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. (૧૦૦)**

આ નિયમસારમાં આત્માના પરમસ્વભાવની ભાવનાનું અલૌકિક વર્ણન છે. આચાર્યદેવ કહે છે કે અહો! મેં મારા આત્માની નિજભાવના–અર્થે આ ઉત્તમ શાસ્ત્ર રચ્યું છે. ધર્મીને સર્વત્ર સર્વ નિર્મળ પર્યાયોમાં અતીન્દ્રિયસ્વભાવવાળો સહજ સુખસ્વરૂપ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. આત્માને ઉપાદેય કરીને જે પોતે સહજ જ્ઞાનચેતનારૂપે પરિણમ્યો છે–એવા ધર્મીની આ વાત છે.

અજ્ઞાની રાગાદિ પરભાવને ઉપાદેય કરીને અશુદ્ધ પર્યાયરૂપ પરિણમી રહ્યો છે, તેની પર્યાયમાં શુદ્ધ આત્મા તેને ક્યાંય દેખાતો નથી, તો તે સર્વત્ર રાગને જ અનુભવે છે.

જ્ઞાની પોતાના સહજ સ્વભાવી આત્માને ઉપાદેય કરીને શુદ્ધપર્યાયરૂપ પરિણમી રહ્યો છે, તેથી તેની પર્યાયમાં સર્વત્ર શુદ્ધઆત્મા જ તેને અનુભવાય છે, ને રાગાદિથી તેની શુદ્ધપરિણતિ જુદી જ રહે છે.

હું પોતે સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો છું તેથી મારા સમ્યગ્જ્ઞાનમાં

મારો આત્મા જ બિરાજે છે. મારી જ્ઞાનચેતનાથી મારા ચૈતન્યપ્રભુ જરાય દૂર નથી; (मेरो धनी नहीं दूर देसन्तर, मोहिमें है मोहे सुझत नोके ) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો મારો શુદ્ધ કારણપરમાત્મા મારી જ્ઞાનચેતનામાં સદાય સમીપ જ છે, ને રાગાદિ પરભાવો મારી જ્ઞાનચેતનાથી સદાય અત્યંત જુદા ને જુદા હોવાથી તે મારાથી દૂર છે.–વાહ! જુઓ તો ખરા ધર્માત્માની જ્ઞાનચેતના! આનંદરસમાં તરબોળ આવી જ્ઞાનચેતના વડે ધર્મીને ઓળખવા તે ધર્માત્માની સાચી સેવા છે.

ચૈતન્યના અમૃતનો સ્વાદ લઈને, વિષ જેવા વિષયોને ધર્મી જીવ આનંદથી છોડે છે. રાગ અને વિષયો છોડવા અજ્ઞાનીને બહુ કઠણ લાગે છે–કેમકે તેના વગરના આત્માના આનંદની તેને ખબર નથી. પણ ધર્મીને તો ચૈતન્યના આનંદના મહાન સ્વાદ પાસે સમસ્ત વિષયો અને વિભાવોનો પ્રેમ અત્યંત સહજપણે છૂટી જાય છે. અતીન્દ્રિય ચૈતન્યના સ્વાદ પાસે વિષયોનો સ્વાદ ઊડી જાય–એમા શું આશ્ચર્ય છે!

અહા, મારા સમ્યગ્જ્ઞાનમાં અમારો શુદ્ધઆત્મા બિરાજી રહ્યો છે. પર્યાયે–પર્યાયે અમારો પરમાત્મા હાજરા–હજૂર છે, પછી તેમાં દુઃખ કેવું? ને સંસાર કેવો? રાગ ઉપર મારી નજર નથી. મારી નજર તો મારા પરમાત્મસ્વભાવ ઉપર જ પડી છે; તેથી તે જ મારા જ્ઞાનમાં સમીપ છે.

અરે, હજી તો મતિ–શ્રુતજ્ઞાન છે ને? કેવળજ્ઞાન તો હજી થયું નથી, છતાં સાધક કહે છે કે અમારા જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે! વાહ, જુઓ સાધકની જ્ઞાન દશા! (સાધક પોતાના સ્વસંવેદનમય મતિશ્રુતજ્ઞાનવડે કેવળજ્ઞાનને બોલાવે છે....આવ, કેવળજ્ઞાન આવ! શક્તિમાં છો તે વ્યક્ત થા....ષટ્‌ખંડાગમની આ વાત ગુરુદેવ અત્યંત પ્રમોદપૂર્વક ઘણીવાર કહે છે....ને ષટ્‌ખંડાગમના આવા ઉત્તમ ન્યાયોની પ્રસાદી આપ પણ આવતા વર્ષે આત્મધર્મમાં વાંચશો.) ભલે મતિ–શ્રુતજ્ઞાન હો, છતાં તે જ્ઞાન રાગથી જુદું જ વર્તે છે ને તેણે અંદર પરમાત્માસ્વભાવ સાથે સંધિ જોડી છે,–તેથી તેની જ્ઞાનચેતનામાં અતીન્દ્રિય આનંદસહિત ભગવાન આત્મા નજીક જ વર્તે છે. રાગનો કોઈ અંશ તેની જ્ઞાનચેતનામાં વર્તતો નથી.

અરે જીવ! પરમસ્વભાવની ઉત્કૃષ્ટ ભાવના વડે ચેતનાને જાગૃત કરીને એવો પુરુષાર્થ કરે કે એક ક્ષણમાં અંદર ચિદાનંદ સ્વભાવમાં ઊતરી જાય. તારો આત્મા તારામાં જ અત્યંત નજીક, છતાં તેને દૂર સમજીને તેં રાગની ભાઈબંધી કરી; પણ રાગ તો

તારા સ્વભાવથી દૂર છે. ચેતનામાં આત્માની જ સમીપતા છે ને રાગાદિભાવો દૂર છે. માટે અંતરંગ દૃષ્ટિમાં આત્માને જ સમીપ બનાવીને, તેમાં પરિણામને તન્મય કરીને આનંદનો અનુભવ કર.

શ્રીગુરુઓનો આ ઉત્તમ ઉપદેશ છે કે તારા પરિણામમાં તારા ચૈતન્યસ્વભાવી આત્માને જ તું મુખ્ય રાખ; તેને જ સમીપ રાખ, ને તેના સિવાય બીજા બધા પરભાવોને દૂર રાખ, જુદા રાખ. આમ કરવાથી પોતામાં શુદ્ધાત્મતત્ત્વની આનંદમય અનુભૂતિ થઈ તે જ પરમ ગુરુઓનો પ્રસાદ છે. અહા, પરમ ગુરુઓએ પ્રસન્ન થઈને અમને આવો શુદ્ધાત્માનો પ્રસાદ આપ્યો......તેમના અનુગ્રહ વડે અમને જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો, તેનાથી અમને સ્વસંવેદનરૂપ આત્મવૈભવ પ્રગટયો.

ધર્માત્મા જ્ઞાનચેતનાવંત થયા છે. તેની ચેતનાની એક્કેય પર્યાયમાં આત્મા દૂર નથી; તેણે ચેતનાનો દોર આત્મા સાથે જોડયો છે. ને રાગ સાથે ચેતનાનો સંબંધ તોડયો છે. આવી ચેતનારૂપે જ જ્ઞાનીધર્માત્માની ખરી ઓળખાણ થાય છે.

અરે! જ્યાં પોતાનો શુદ્ધઆત્મા સમીપ નથી, શુદ્ધ આત્મા જેની દૃષ્ટિમાં –જ્ઞાનમાં–અનુભૂતિમાં આવ્યો નથી, તે જીવ નિજાત્માને દૂર રાખીને, આત્માને ભૂલીને ધર્મ ક્યાંથી લાવશે? સુખ ક્યાંથી લાવશે? ધર્મી તો જાણે છે કે મારી શ્રદ્ધામાં, મારા જ્ઞાનમાં, મારા સુખમાં, મારી બધી પર્યાયોમાં, મારો ચિદાનંદી આત્મા જ મને સમીપ વર્તે છે, તેનું જ મને આલંબન છે. આવા આત્મા સિવાય બીજે ક્યાંય અમારી પરિણતિ ઠરતી નથી. વાહ રે વાહ! ધર્મોની દશા તો જુઓ! અમારો આત્મા સદાય સર્વત્ર અમારા અંતરમાં અમારી સાથે જ છે, જગતના સાથનું અમારે શું કામ છે? શુભ રાગનોય અમને ધર્મમાં સાથ નથી, અમારા ચૈતન્યનો જ અમને સાથ છે, તેને અમે કદી છોડતા નથી. સીતાજીને ભલે વનવાસ મળ્યો, રામનો વિયોગ થયો, પણ તે વખતેય અંતરમાં એમનો 'આતમરામ' એમની સાથે જ હતો. અયોધ્યા ભલે દૂર રહી, રોતી પ્રજા દૂર રહી, રાજપાટ બધું દૂર રહ્યું ને રાજા રામ પણ ભલે દૂર રહ્યા, પણ ભગવાન 'આતમરામ' અંદરથી જરાય દૂર નથી થયા, આત્મા તો સમીપ ને સમીપ જ છે. ગમે ત્યાં હો –ધર્મી જાણે છે કે મારા અંતરમાં જે સમ્યગ્દર્શનાદિ વર્તે છે તેમાં મહા પૂજય પંચમ ભાવરૂપ ચૈતન્યભગવાન મારે હાજરાહજૂર વર્તે છે, એની જ ભાવનામાં મારી પરિણતિ તન્મય વર્તે છે. તે પરિણતિમાં સમસ્ત ચૈતન્યનિધાન ખુલી ગયા છે. રાગથી જુદી થઈને અંતરમાં વળેલી મારી પરિણતિમાં મારા

ચૈતન્યનિધાન ગુપ્ત રહી શકે નહીં.

અહા, પરિપૂર્ણ સુખનો નિધાન મારો આત્મા, તેની ભાવનારૂપે હું પરિણમ્યો છું, તેથી ભવના કારણરૂપ બધા ભાવોથી હું નિવૃત્ત છું. ભવિષ્યમાં જેનાથી ભવ કરવો પડે એવા કોઈ પણ અશુભ કે શુભરૂપ સંસારભાવો–તેનાથી નિવૃત્ત મારો આત્મા છે. મારા સ્વભાવમાં ભવ નથી, ને તે સ્વભાવની ભાવનારૂપ પરિણમેલી મારી પર્યાયમાં પણ ભવનો કોઈ ભાવ નથી. આવો હું છું–એમ ધર્મી અનુભવે છે.

મારું સુખનિધાન પરમ તત્ત્વ–તે અત્યંત સુંદર નૌકા છે, હું તે પરમતત્ત્વરૂપી સુંદર નૌકામાં બેઠો છું. મારું આ પરમતત્ત્વ પોતે જ સંસારના મહા સમુદ્રને તરવાની નૌકા છે, તેથી મારા તત્ત્વની ભાવનાથી હું સ્વયં ભવસમુદ્રને તરી જઈશ, ભવને તરવા માટે મારે બીજા કોઈના અવલંબનની જરૂર નથી. અહા, મારું આવું પરમ અચિંત્ય તત્ત્વ! તેના સ્વીકાર વડે મેં મોહને જીતી લીધો છે; હવે મારે ભવસમુદ્રમાં ડુબવાનું હોય નહીં. સહજ પરમ આનંદના સમુદ્રમાં પરિણતિ લીન થઈ ત્યાં હવે ભવ કેવા? ચૈતન્યનો શાશ્વત મહા આનંદ....તેની શી વાત! એ અપૂર્વ આનંદ જગતમાં પ્રસિદ્ધ છે...સિદ્ધ ભગવંતોમાં ભરેલો એ અતીન્દ્રિય મહા આનંદ અમારા આત્મામાં પણ પ્રગટયો છે; અહા! આવા મહા અપુર્વ આનંદનો સ્વાદ ચાખ્યા પછી કામના ક્લેશને કોણ ઈચ્છે? જેઓ કામવાસનાના ક્લેશથી વિષયોમાં સુખ માને છે તેઓ તો જડબુદ્ધિ છે.

અહા, ચૈતન્યનું વિષયાતીત સુખ!...એ સુખામૃતનો સ્વાદ લીધા પછી વિષયોના ઝેરને કોણ વાંછે? એમાં સુખ કોણ માને?–

**જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી;**
**જ્ઞાની મગન વિષયસુખ માંહી, યહ વિપરીત, સંભવે નાંહી.**

અહો, જેના અંતરમાં ભેદજ્ઞાનની વીતરાગકળા પ્રગટી, જગતથી સહજ વૈરાગી થઈને અંતર્મુખ ચૈતન્યસુખ જેણે ચાખ્યું એવા જ્ઞાની–ધર્માત્મા–જગતથી ઉદાસીન પરમ વૈરાગ્યવંત જીવો કદી વિષયોમાં સુખ માનીને તેમાં મગ્ન થાય–એવી વિપરીતતા બની શકતી નથી. વિષયાતીત ચૈતન્યસુખનો અનુવભ કરે અને વિષયોમાં પણ સુખ માને–એ તો અત્યંત વિપરીતતા છે, તે કદી સંભવી શકે નહિ. જ્ઞાની તો કહે છે કે અરે, ચૈતન્યના સુખની પરમ અતીન્દ્રિય શાંતિ અનુભવ્યા પછી, બાહ્ય વિષયો અમને ક્લેશરૂપ લાગે છે, તેમાં ક્યાંય અમારી પરિણતિ ઠરતી નથી. પરિણતિને ઠરવાનું સ્થાન

એક જ અંદરમાં સુખનું ધામ છે. તેમાં જ અમારું ચિત્ત લાગ્યું છે. વિષયોમાં કે રાગમાં ક્યાંય અમારો આત્મા અમને દેખાતો નથી, અમારો આત્મા તો તે વિષયો અને રાગથી પાર, અમારા અંતર્મુખ જ્ઞાન–દર્શન–આનંદમાં જ બિરાજે છે, તેને અમે અનુભવીએ છીએ. આ રીતે ધર્મપર્યાયરૂપે પરિણમેલો અખંડ આત્મા જ ધર્મીને સર્વત્ર ઉપાદેય છે.

## અનુપમ રત્નોંકા સંગ્રહ ઔર આત્મગંગામે સ્નાન

દિગંબર જૈન ઉદાસીન આશ્રમ, ઇન્દોરથી બ્ર. સ્વરૂપાનંદજી પ્રમોદથી લખે છે કે–આપકા ‘રત્નસંગ્રહ’ દ્વિતીય ભાગ પ્રાપ્ત હુઆ. ભઈયા, ઈસ મહાન ચિન્મુર્તિ આત્માકા વૈભવ વ ભેદજ્ઞાનકી પ્રાપ્તિ હેતુ યહ રત્નોકાં સંગ્રહ કિતના અનુપમ અનૂઠા હૈ–જોકિ અંદરમેં એક ઐસી ઝંઝનાટ પૈદા કર દેતા હૈ કિ ઉસ પરમ તેજમેં પહુંચકર આનંદરસ ઉસી સમય ઉમડ પડતા હૈ। અબકી વાર ભેટ ફતેપુરમેં હુઈ થી।

વિશેષમાં “આત્મગંગામાં સ્નાન” નું વર્ણન કરતાં તેઓ લખે છે કે–જ્ઞાતા–દ્રષ્ટા આત્મા હું કોણ છું? આ શરીર શું છે? આ ક્રોધાદિભાવો કેવા છે? તે વાતો પર વિચાર કરતાં ભેદવિજ્ઞાન એમ બતાવે છે કે આ આત્મારામ સાક્ષાત્ પરમાત્મા છે, જ્ઞાતાદૃષ્ટા છે, શુદ્ધ વીતરાગ છે, અશરીરી –અર્મુત છે, પરમઆનંદમય છે, પોતાની સ્વભાવદશાનો જ કર્તા છે અને પોતાના સ્વાભાવિક આનંદનો ભોક્તા છે, પરમ કૃતકૃત્ય છે, સર્વ વિશ્વના પદાર્થોના ગુણ–પર્યાયોને એક સમયમાં જ જાણનાર છે. કર્મોથી રચાયેલો કાર્મણદેહ પુદ્ગલમય છે, તે આત્માના સ્વભાવથી સર્વથા ભિન્ન છે. સ્થૂળ દૃશ્યમાન શરીર પણ પુદ્ગલમય છે; રાગ–દ્વેષાદિભાવો ઉપાધિભાવો છે, તે આત્માના ચેતનસ્વભાવથી સર્વથા દૂર છે. આવું ભેદજ્ઞાન પોતાના પરમાત્માને અંદર અનાત્માથી જુદો બતાવે છે, તેમજ બધા જીવો પણ અંદર અનાત્માથી ભિન્ન પરમાત્મસ્વભાવી છે–એમ દેખાડે છે. ભેદજ્ઞાનના પ્રતાપથી ગુરુ–શિષ્ય, શત્રુ–મિત્ર વગેરે ભેદભાવ દેખાતા નથી, અને તેથી પરમ સમતાભાવરૂપી શાંત ગંગાજળનો પ્રવાહ આત્માની અંદર વહેલા લાગે છે. જ્ઞાનીજનો આ જ આત્મગંગાના પવિત્ર જળમાં સ્નાન કરે છે, તેનું જ પાન કરે છે, તેમાં જ કિલ્લોલ કરે છે, ને તેમાં જ મગ્ન થઈને જે પરમઆનંદને પ્રાપ્ત કરે છે તે વચનથી અગોચર છે. તે સંતો ધન્ય છે કે જેઓ આ અપૂર્વ રસપાન કરીને સદા સુખી રહે છે. -जय जिनेन्द्र

# * આસન્નભવ્ય સમ્યગ્દષ્ટિને પરમસ્વભાવ સફળ થયો છે *

**જગતમાં સૌથી મોટો કોણ? કે આ મારો પરમ સ્વભાવ એક જ સૌથી મોટો છે. કેવળજ્ઞાનાદિ પણ આનાજ આશ્રયે થાય છે. આવા પરમ સ્વભાવને અહીં ખુલ્લો કર્યો છે. અહો, આ તો કુંદકુંદઆચાર્યદેવનાં શાસ્ત્રો! એની શી વાત! ભગવાન તીર્થંકરદેવે દિવ્યધ્વનિમાં જે અર્થરૂપે કહ્યું, ગણધર ભગવાને જે ઝીલીને શ્રુતરૂપે શાસ્ત્રમાં ગૂંથ્યું, અને તેમની પરંપરામાં વીતરાગી સંતોએ અનુભવીને જે કહ્યું-તે આ પરમ તત્ત્વ છે. આવું તત્ત્વ કોઈ મહાન ભાગ્યથી સાંભળવા મળે છે..... અનુભવમાં લ્યે એની તો શી વાત!**

[સોનગઢમાં બ્ર. ઈંદુબેન તથા જગદીશચંદ્ર નવલચંદ લોદરીયાના મકાનના વાસ્તુપ્રસંગે સંત–સાન્નિધ્યમાં પૂ. ગુરુદેવનું મંગલ પ્રવચન : આસો સુદ ૧૦ નિયમસાર ગાથા ૧૧૦]

આત્માનો પરમસ્વભાવ શું છે–કે જેનો આશ્રય કરતાં વીતરાગી સમભાવ પ્રગટે, અને કર્મનું વિષવૃક્ષ છેદાઈ જાય,–તેનું આ અલૌકિક વર્ણન છેઃ–

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. (૧૧૦)**

સંસારથી તરવા માટે અત્યંત આસન્નભવ્ય સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્માને કેવો ભાવે છે તેનું આ વર્ણન છે. અહો, ઊંચામાં ઊંચા ચૈતન્યતત્ત્વની આ વાત છે. પ્રભુ! તારા પરમસ્વભાવની વાત સાંભળ તો ખરો! લક્ષમાં તો લે! એને લક્ષમાં લેતાં તને એમ થશે કે અહો, આવું અદ્‌ભૂત મારું પરમ તત્ત્વ! આ તત્ત્વની સફળતા છે. ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને પરિણમ્યો ત્યાં કર્મનું મૂળ છેદાઈ ગયું, સંસાર મૂળમાંથી છેદાઈ ગયો, ને આત્મા પોતાના પરમ ચૈતન્યનિધિથી ભરેલા સ્વઘરમાં વસ્યો, તેણે ‘સત્’ એવા પોતાના સ્વભાવનું ‘સાનિધ્ય’ કર્યું, ને વિભાવથી તે દૂર થયો.

‘આ’ મારો પરમભાવ છે–એમ સ્વસંવેદન પ્રત્યક્ષથી ધર્મીજીવે લક્ષમાં લીધું

છે, તે અત્યંતિ આસન્નભવ્ય છે. અંદર સત્ વસ્તુ છે, છતી વસ્તુ છે–તે જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી તેને માટે તે 'છતી છતાં અછતી' છે. વસ્તુ જેવી છે તેવી જ્ઞાનમાં આવી એટલે પર્યાયમાં વ્યક્ત થઈ, ત્યારે છતી–વસ્તુનું સત્પણું તેને પ્રગટયું એટલે સત્નો પરમસ્વભાવ તેને સફળ થયો.–આનું નામ સમભાવરૂપ આલોચના છે, અને તેના વડે સમસ્ત કર્મ મૂળમાંથી છેદાઈ જાય છે.

ધર્મી જાણે છે કે આ મારો આત્મા સદાય પરમ સ્વભાવપણે વિદ્યમાન છે; તેમાં અંતર્મુખ થતાં સ્વકીય–સ્વાધીન–સમભાવરૂપ જે પરિણામ પ્રગટયા તે સમસ્ત સંસારને મૂળથી છેદી નાંખવા સમર્થ છે. અહો, આવો મારો પરમ સ્વભાવ મારામાં સદાય હતો જ, પણ તેનું ભાન ન હોવાથી તે પ્રગટયો ન હતો; હવે તેનું ભાન થતાં મારી પર્યાયમાં તે સફળ થયો છે. પરમસ્વભાવને કારણ બનાવતાં પર્યાયમાં શુદ્ધ કાર્ય પ્રગટયું છે, તેથી મારો પરમસ્વભાવ મને સફળ થયો છે.

પરમસ્વભાવપણે આત્મા ત્રિકાળ સત્ છે. પણ આનંદની અનભુતિપૂર્વક પર્યાયમાં ધર્મીને તે વ્યક્ત થઈને પરિણમ્યો ત્યારે ભાન થયું કે 'આવો હું છું.' વ્યક્ત પરિણમ્યા વગર શક્તિરૂપ પરમભાવનું ભાન થતું નથી. માટે કહે છે કે અહો! ભવ્યજીવને આ પરમપંચમભાવ સફળ થયો છે–સમ્યગ્દર્શનાદિ ઉત્તમ ફળ તેને પાક્યાં છે. જેમ મેરુ નીચેનું સોનું શું કામનું? ફળ વગરનું ઝાડવું શું કામનું? તેમ પર્યાયમાં આનંદના વ્યક્ત અનુભવરૂપ ફળ વગર અજ્ઞાનીને તે પરમભાવ શું કામનો? અર્થાત્ વિદ્યમાન હોવા છતાં તેન અજ્ઞાનમાં તો તે અવિદ્યમાન જેવો જ છે.

અહા, ચૈતન્યના પરમ ભાવનો કોઈ અદ્ભૂત મહિમા છે, તે અજ્ઞાનીઓને ગમ્ય નથી. અતીન્દ્રિય જ્ઞાનગોચર પરમભાવ છે તેને અનુભવમાં લેવો તે પરમ વીતરાગવિદ્યા છે. પરમ આનંદસ્વરૂપ આત્મા અંદર હૈયાત હોવા છતાં, જે તેને દેખતો નથી, તેના આનંદને અનુભવતો નથી, ને દુઃખને જ અનુભવે છે–તેના મિથ્યા શ્રદ્ધા–જ્ઞાનમાં તો તે પરમભાવ અવધિમાન જ છે. સૂરજ ઝગઝગાટ કરતો ઊગ્યો પણ આંધળાને શું? એને તો તે અવિદ્યમાન જ છે. તેમ અંદર ચૈતન્યના પરમ તેજથી ભરેલો મહા ચૈતન્યસૂર્ય ઝળકી જ રહ્યો છે–પણ જેને અંતર્મુખ દ્રષ્ટિ નથી, જ્ઞાનચક્ષુ ઊઘડયા નથી તેને તે ચૈતન્યસૂર્ય દેખાતો નથી, તેને તો તે અગમ્ય હોવાથી અવિદ્યમાન જેવો જ છે.

અરે, વિકલ્પમાં તે કાંઈ પંચમ–પરમભાવ આવે? ચાર ભાવો સંબંધીં વિકલ્પો વડે પાંચમ ભાવ અગોચર છે; તે અંતર્મુખ ઉપશમાદિ ભાવો વડે અનુભવમાં આવે છે. નિકટભવ્ય સમ્યગ્દ્રષ્ટિ જીવો તેને અંતરમાં અવલોકે છે, તેથી તેમને તે પરમ ભાવ સફળ

થયો છે–સમ્યક્ત્વાદિરૂપ પ્રગટ પરિણમ્યો છે. અહા, અતીન્દ્રિયભાવ વગર જેનું અસ્તિત્વ જણાય નહીં એવો મહાન પરમસ્વભાવ હું છું–એમ ધર્મી જાણે છે, તેણે અંતરના અચિંત્યનિધાન નજરે જોયા છે, એની પર્યાયમાં પરમાત્મા પ્રસિદ્ધ થયા છે.

અહો, લક્ષ કરવા જેવી સુંદર વસ્તુ તો અંદર મારો પરમ સ્વભાવ છે, તેની સાથે લક્ષનો દોર મેં બાંધ્યો છે, ત્યાં હવે બીજે ક્યાંય લક્ષ ઠરતું નથી. પર્યાયે–પર્યાયે પરમાત્મા સાથેનો દોર સાંધીને તેની લગની લાગી ત્યાં ધર્મીના આંનદની શી વાત? એના પરમશાંત પરિણામમાં સર્વે સંસારનું મૂળ છેદાઈ ગયું છે. આત્માનો પરમભાવ જેના લક્ષમાં આવ્યો નથી તેને સંસારનું મૂળ કોઈ રીતે છેદાતું નથી.

એક પરમભાવને દેખો ત્યાં બધા પરભાવો છેદાઈ ગયા. આવો પરમ સ્વભાવ બધાય જીવોમાં સદાય વિદ્યમાન હોવા છતાં, સમ્યગ્દ્રષ્ટિજીવોને જ તે અનુભવગોચર છે. તે જ તેના આશ્રયે સમ્યક્ત્વાદિ કાર્ય પ્રગટ કરીને મોક્ષને સાધે છે. કાર્ય પ્રગટયું તેણે કારણને પ્રસિદ્ધ કર્યું કે આવા પરમ સ્વભાવને અવલંબીને આ કાર્ય થયું છે. શબ્દોથી ને વિકલ્પોથી કાંઈ કાર્ય થાય તેમ નથી, પરમ સ્વભાવની સન્મુખ થયે જ મોક્ષમાર્ગરૂપ કાર્ય થાય છે. જેણે એમ કર્યું તેને જ કાર્યની સિદ્ધિ થઈ, તેને જ પરમ ભાવ સફળ થયો.

ચૈતન્યભગવાનનો જે પરમ સ્વભાવ, તેમાંથી તો અમૃત ઝરે, તેમાંથી તો સમ્યગ્દર્શનાદિ આનંદરૂપ કાર્ય થાય; તેમાંથી કાંઈ કર્મના અંકૂરા ન ફૂટે, કર્મના ઝાડને તો તે મૂળમાંથી છેદી નાખનારો છે. અરે જીવ! તારામાં વિદ્યમાન આવા અમૃત આનંદ–ચિંતામણિને છોડીને તું બહારમાં ઝેરનાં ઝાડમાં ક્યાં ભટક્યો? અરે, ચૈતન્યના અસ્તિત્વમાં તો કર્મ કે વિકાર ન રહે, પણ જ્યાં આવા ચૈતન્યસ્વભાવનો આશ્રય લીધો ત્યાં તે કર્મો કર્મોના અસ્તિત્વપણે પણ ન રહી શકે. હે જીવ! તારા આવા પ્રભુનો આદર તું કેમ નથી કરતો? અંદર ભરેલા અમૃતનો સ્વાદ છોડીને બહારમાં ઝેરનો સ્વાદ લેવા તું કેમ દોડે છે? આ અમૃતનો સ્વાદ એકવાર તું ચાખ તો ખરો! અનાદિનું સંસારનું તારું ઝેર ઊતરી જશે ને કોઈ મહા અચિંત્ય અપૂર્વ અતીન્દ્રિય શાંતિનો સ્વાદ તને આવશે.

અહા, પરમસ્વભાવ તો બધાય જીવોને વસ્તુનિષ્ટ છે, વસ્તુનો આવો સ્વભાવ જ છે–કે જેનો આશ્રય કરતાં સ્વાધીન સ્વકીય સમતાપરિણામ પ્રગટે છે. આવા પરિણામને જ સ્વકીય કહ્યા છે, રાગાદિભાવો તો પરમસ્વભાવથી બાહ્ય છે, તેને ધર્મી સ્વકીયપણે નથી અનુભવતા. જેની સન્મુખતાથી આવા સમભાવ–પરિણામ પ્રગટે છે.

એવો પરમસ્વભાવ પંચમભાવે આત્મામાં સદાય બિરાજમાન છે,–તે નિકટભવ્યજીવને શ્રદ્ધા–જ્ઞાનમાં સાક્ષાત્ વર્તે છે, તેથી તેને પરમસ્વભાવ વિદ્યમાન છે, તેને તે સફળ થયો છે,–પર્યાયમાં અનુભવરૂપ થયો છે. અજ્ઞાનીને પણ તે સ્વભાવ તો વિદ્યમાન છે,–પણ શ્રદ્ધા–જ્ઞાન વગર તેને ભાસતો નથી, એટલે વિદ્યમાન છતાં તેને માટે અવિદ્યમાન જેવો છે.

જેમ, અહીં એમ કહ્યું કે '**પરમભાવ વિદ્યમાન હોવા છતાં**' મિથ્યાદ્રષ્ટિને તો તે અવિદ્યમાન જેવો જ છે... કેમકે તેને તે દેખતો નથી......

તેમ, ધર્માત્મા કે જે પોતાને પરમભાવરૂપે વિદ્યમાન દેખે છે, તેને 'પરભાવો વિદ્યમાન હોવા છતાં' અવિદ્યમાન જેવા જ છે, કેમકે પરમભાવના અસ્તિત્વમાં તે પરભાવને દેખતો નથી. જુઓ, સામસામી બે વાત–

(૧) શુદ્ધસ્વભાવમાં દ્રષ્ટિ પડી ત્યાં પર્યાય તેમાં તન્મય થઈને રાગાદિથી જુદી શુદ્ધભાવરૂપે પરિણમી એટલે પરમભાવનું વિદ્યમાનપણું પર્યાયમાં પણ તેને સફળ થયું; પછી જે અલ્પ રાગાદિ પરભાવ રહ્યા તે પરમભાવથી જુદાપણે જ રહ્યા હોવાથી, ધર્મી તેને સ્વભાવમાં ખતવતો નથી, એટલે મારામાં તો તે અવિદ્યમાન જ છે એમ ધર્મી પોતાને પરભાવોથી જુદા પરમભાવરૂપે જ અનુભવે છે.

(આ રીતે પરમભાવ હોવા છતાં તેને તે અવિદ્યમાન છે.)

(૨) હવે શુદ્ધસ્વભાવ જેની દ્રષ્ટિમાં આવ્યો નથી, ને રાગમાં જ તન્મય થઈને અજ્ઞાનરૂપે પરિણમે છે, તેને તો રાગરૂપે જ પોતાનું વિદ્યમાનપણું ભાસે છે, રાગથી જુદો પરમસ્વભાવ તો તેને દેખાતો નથી; તેથી તેને તે, વિદ્યમાન હોવા છતાં, સફળ થતો નથી–પર્યાયમાં પ્રગટતો નથી, એટલે અવિદ્યમાન જેવો જ છે. રાગથી જુદું કાંઈ સત્ અજ્ઞાનીને પોતામાં દેખાતું નથી.

(આ રીતે પરમભાવ વિદ્યમાન હોવા છતાં તેને તે અવિદ્યમાન છે.)

અહા, જુઓ તો ખરા દ્રષ્ટિની તાકાત!

- અંતર્મુખ થયેલી દ્રષ્ટિએ પરમસ્વભાવના જોરે બધાય પરભાવોને અસત્ કરી નાંખ્યા.
- બહિર્મુખ દ્રષ્ટિમાં અજ્ઞાનીએ પરભાવોની મિથ્યારુચિના જોરે પોતાના મહાન પરમ સ્વભાવનો અસ્વીકાર કરી નાંખ્યો.

કળશ ૨૭માં કહ્યું હતું કે બહુ વિભાવ હોવા છતાં પણ, શુદ્ધદ્રષ્ટિવાળો પુરુષ પરમતત્ત્વમાં પ્રવીણ બુદ્ધિવડે, તે બધા વિભાવોથી રહિત શુદ્ધ પરમસ્વભાવરૂપે પોતાને

અનુભવતો થકો મુક્તિના મહા આનંદને પ્રાપ્ત કરે છે.

ધર્માત્મા કહે છે કે વિભાવો અસ્ત હોવાથી તેની અમને ચિંતા નથી, કેમકે અમારી પરિણતિ તેનાથી છુટી પડીને પરમસ્વભાવ તરફ ઢળી ગઈ છે. પરમભાવની અનુભૂતિમાં તો વિભાવ અસત્ જ છે. આ રીતે પરમભાવ હોવા છતાં અંતર્દ્રષ્ટિવાળો સમ્યગ્દ્રષ્ટિજીવ પોતાને એક પરમ શુદ્ધ જ્ઞાનવસ્તુપણે જ ભજે છે; એટલે પોતાનો પરમભાવ તેને સફળ થયો છે, તે આસન્નભવ્ય છે.

ઘરમાં મોટી અખૂટ મૂડી ભરી હોય પણ ભોગવે નહિ તો શા કામની? તેમ સ્વભાવમાં શક્તિ હોવા છતાં, તેની સન્મુખ થઈને પર્યાયમાં પ્રગટ ન કરે તો તે શા કામની? એક નગરશેઠ–જેને ત્યાં અત્યંત કિંમતી મહા રત્નોના ઢગલા પડયા હતા, પણ અનંતા લોભવશ એક લાકડું લેવા પાણીમાં તણાતો હતો, તેમ નગરશેઠની જેમ આ આત્મા તો દુનિયાનો શેઠ, જગતમાં શ્રેષ્ઠ–જેના ઘરમાં અનંત ગુણના મહા રત્નોનો ઢગલો છે, પણ એને ભૂલીને રાગમાં–દેહમાં મૂર્છાયેલો અજ્ઞાની, અચિંત્ય નિજનિધાનને ભોગવી શકતો નથી. અહા, મારો પરમસ્વભાવ મારામાં સદા વિદ્યમાન છે–નિત્ય છે, તે નિત્યતાનો નિર્ણય કરતાં નિર્વિકલ્પતા થઈ જાય છે. વિકલ્પમાં ઊભો રહીને નિત્યસ્વભાવનો નિર્ણય થઈ શકતો નથી. ઉદયાદિ ચાર ભાવો–તેમના લક્ષે પંચમ પરમભાવ પ્રતીતમાં આવી શકતો નથી. પરમસ્વભાવને પ્રતીતમાં લેનારો ભાવ પોતે ઉપશમ–ક્ષયોપશમ કે ક્ષાયકરૂપ છે; પણ તે વિશેષભાવોના ભેદ ઉપર તેનું લક્ષ નથી, પર્યાયના ભેદના આશ્રયે પંચમભાવ અગોચર છે; અંતર્સ્વભાવમાં પર્યાય વળી ત્યારે તે સ્વાધીન પરિણામવડે પંચમભાવ અનુભવગોચર થયો. ભવ્ય જીવોને આવા અનુભવવડે પરમભાવની સફળતા થઈ એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ફળ તેને પાક્યાં, ઝેરીફળવાળું કર્મવૃક્ષ તેને છેદાઈ ગયું, અને સમ્યક્ત્વાદિ અમૃતફળવાળું ચૈતન્યવૃક્ષ તેને સફળ થયું. –આનું નામ આલોચના છે, આ મોક્ષનો માર્ગ છે, આ આનંદમય સ્વઘરમાં સાદિ–અનંત વાસ્તુ છે.

જગતમાં સૌથી મોટો કોણ? કે મારો પરમસ્વભાવ એક જ સૌથી મોટો છે. –કેવળજ્ઞાનાદિ પણ તેના જ આશ્રયે થાય છે. આવા પરમસ્વભાવને અહીં ખુલ્લો કર્યો છે અહો, આ તો કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો! એની શી વાત! તીર્થંકરભગવંતોએ દિવ્યધ્વનિમાં જે અર્થરૂપે કહ્યું, ગણધર ભગવાને જે ઝીલીને શ્રુતરૂપે શાસ્ત્રમાં ગૂથ્યું, અને તેમની પરંપરામાં વીતરાગી સંતોએ અનુભવીને જે કહ્યું–તે આ પરમ તત્ત્વ છે. આવું તત્ત્વ કોઈ મહા ભાગ્યે સાંભળવા મળે છે. 'અહો, આવા પરમભાવ

રૂપ મારો આત્મા છે–’ એમ સ્વસન્મુખ થઈને જેણે વિશ્વાસમાં લીધું જ્ઞાનમાં લીધું –અનુભવમાં લીધું તે જીવ અત્યંત આસન્નભવ્ય ધર્માત્મા છે, પરમસ્વભાવનું વિદ્યમાનપણું તેને સફળ થયું છે.–જૈનશાસનનું તાત્પર્ય વીતરાગભાવ છે, તે પણ આવા પરમભાવના આશ્રયે જ પ્રગટે છે. એવા પરમસ્વભાવનો જ્યાં રંગ લાગ્યો ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનની ભાત પડે છે. રાગની ને વિકારની ભાત્યું પડે એને તે ચૈતન્યનો રંગ કેમ કહેવાય?

પરમસ્વભાવ તો આનંદનું ઝાડ છે, તેમાં સંસાર ન પાકે, સંસારને તો તે મૂળમાંથી છેદી નાંખનારો છે. પરમભાવના આશ્રયે તો આનંદ જ પાકે, તેના આશ્રયે શુભાશુભકર્મ–સંસાર ન પાકે. શુભાશુભકર્મનો પ્રેમ તે તો ચારગતિનાં કડવાં ફળ દેનારું ઝેરીવૃક્ષ છે. અહા, આનંદ–આનંદ અનંતકાળ સુધી પાકે એવું કલ્પવૃક્ષ તું પોતે છો, તારો પરમસ્વભાવ પોતે આનંદનું કલ્પવૃક્ષ છે; એક ક્ષણ પણ એને દેખતાં, તેના આશ્રયે સંસાર છેદાઈ જશે ને આનંદના ફળસહિત અલ્પકાળમાં મોક્ષદશા પ્રગટી જશે.

નવા વર્ષનું ભેટપુસ્તક–

## વીતરાગવિજ્ઞાન ( છહઢાળાપ્રવચન ) ભાગ ત્રીજો.

આત્મધર્મના ત્રીસમાવર્ષના ગ્રાહકોને એટલે કે વીર સં. ૨૪૯૯ ના ગ્રાહકોને ઉપરોકત પુસ્તક દીવાળીપ્રસંગે ભેટ આપવામાં આવશે. જેનું લવાજમ ભરાયું હશે તેમને આ પુસ્તક ભેટ મળશે. માત્ર ‘ત્રણહજાર’ પુસ્તકો ભેટ દેવાના છે, ત્યારપછી ગ્રાહક થનારને પુસ્તક ભેટ મળી કશે નહિ.

આ પુસ્તકમાં સમ્યગ્દર્શનસંબંધી સુંદર વર્ણન છે; સમ્યક્ત્વના આઠઅંગનું પણ ભાવભીનું વર્ણન વાંચતા દરેક જિજ્ઞાસુને આનંદ થશે; અને છેવટ સમ્યક્ત્વ–પ્રાપ્તિની સુંદર પ્રેરણાનો ઉપદેશ તો આત્માર્થીના હૃદયમાં ઝણઝણાટ જગાડે તેવો છે. આ પુસ્તકના પરિશિષ્ટમાં આપેલ વીતરાગ–વિજ્ઞાન–પ્રશ્નોત્તરીનો નમૂનો આપ આ અંકમાં વાંચશો. દીવાળી ઉપર આપ સોનગઢ પધારો તો આપનું અને આપના ગામના બીજા ગ્રાહકોનું ભેટપુસ્તક રૂબરૂ લઈ જશો..... કારતક સુદ પૂર્ણિમા બાદ પોસ્ટથી મોકલાશે.

- આત્મધર્મનું વાર્ષિક લવાજમ રૂા. ચાર સોનગઢના સરનામે વેલાસર મોકલીને સંસ્થાની વ્યવસ્થામાં સહકાર આપો. બધા લવાજમ ટાઈમસર આવી જાય તો ટપાલખર્ચમાં ઘણો ફાયદો થાય છે. માત્ર આપનું નહિ, આપના સંબંધીઓનું પણ લવાજમ ભરીને તેમનેય ચૈતન્યરસનો થોડોક સ્વાદ ચખાડો.

( હવે નવા વર્ષનો પ્રથમ અંક દીવાળી પછી તરત તા. દશમીએ પ્રગટ થશે. )

# સમ્યગ્દર્શન : તે સંબંધી મુમુક્ષુઓનું ઘોલન

*

**[ આત્મધર્મની ‘સમ્યક્ત્વ સંબંધી નિબંધયોજનામાં’ ૯૬ નિબંધો આવેલા; ઘણા ખરા નિબંધો સમ્યક્ત્વભાવનાના ઘોલનપૂર્વક ઉત્તમ રીતે લખાયેલા છે. આ નિબંધોમાંથી આઠ શ્રેષ્ઠ નિબંધોને પસંદ કરવામાં આવ્યા છે, ને તેમાંથી બે નિબંધ સંશોધનપૂર્વક અહીં આપવામાં આવ્યા છે. સમ્યક્ત્વની ભાવનાથી ભરપુર આ નિબંધો વાંચતાં દરેક જિજ્ઞાસુને પ્રસન્નતા થશે. આમાંથી પ્રથમ નિબંધના લેખિકા બેન છે–મુંબઈ (મલાડ) ના કુમારી ધર્મિષ્ઠાબેન ધીરજલાલ જૈન B. Sc. અને બીજો નિબંધ લખનાર છે-ચોરીવાડના ભાઈશ્રી મગનલાલ હીરાચંદ શાહ. ]**

## સમ્યગ્દર્શન લેખમાળા : લેખ નં : ૧

આત્મસન્મુખ જીવની નિર્વિકલ્પદશા ન થઈ હોય ત્યારે તે પોતાની ચૈતન્યવસ્તુના ઊંડા–ઊંડા ચિંતનદ્વારા નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. એક ચિદાનંદ, વિજ્ઞાનઘન સ્વભાવનું ઘોલન તે તેનું ધ્યેય રહે છે.

પ્રથમ જ્ઞાયકસ્વભાવના લક્ષે વિચારધારામાં તે જીવ સ્વરૂપધ્યાનમાં સ્થિત રહેવાનો ઉદ્યમી થાય છે. પ્રથમ તે નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને લક્ષમાં લઈને, સ્વ–પરનું ભેદવિજ્ઞાન કરે છે.

પ્રથમ તો વિજ્ઞાનઘન સ્વભાવને લક્ષમાં લઈ, નોકર્મ એટલે જડ શરીર, બાહ્યના સંયોગો, સ્ત્રી, પુરુષ, મિલ્કત આદિને જે પોતાના માનતો હતો તેમાંથી દ્રષ્ટિ ઉઠાવી લે છે. સંયોગો તેને તુચ્છ લાગવા લાગે છે. અને તે સંયોગો તે હું નહિ તેમ તેને ભાસવા લાગે છે; તેનાથી ભિન્ન હું કંઈક જુદી ચીજ છું અને ત્યાંજ સાચી શાંતિ છે, તેમ લાગ્યા કરે છે. તેને આત્માની જ ધૂન લાગે છે.

દ્રવ્યકર્મ તે જડ છે; તે–જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય આદિ આઠ કર્મોને તે

પોતાનાં માનતો નથી, તેનું લક્ષ ત્યાંથી ખસી જાય છે અને ચેતનારૂપ આત્માનું લક્ષ કરે છે. કર્મ જે જડરૂપ છે તે મારાં કેમ હોઈ શકે? હું તો ચેતન છું–એમ તે નિર્ણય કરે છે.

છેવટે ભાવકર્મ પુણ્ય–પાપ આદિના ભાવો જે જીવે અજ્ઞાનથી પોતાના માન્યા હતા તેને પણ ચૈતન્યથી જુદા સમજે છે,–અને વિકારરહિત આત્મતત્ત્વ પકડવાની તેને ધૂન લાગે છે. વિકલ્પ હોવા છતાં તેનો નિષેધ કરીને, જ્ઞાનમાં ચૈતન્યજ્ઞાયક આત્માને લક્ષમાં લઈ તેના અનુભવનો ઉદ્યમ કરે છે.....હું વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મા, વિકલ્પરહિત કેવો છું–તે તરફ જ્ઞાનને સન્મુખ કરવા ઉદ્યમ કરે છે.

હું તો ચૈતન્યચમત્કારરૂપ છું, એટલે કે સ્વપરને જાણનારો છુ; હું મને પોતાને જાણતાં પરને જાણી લઉં તેવો ચમત્કારિક છું;–આમ અંદર ને અંદર ઊતરતો જાય છે અને વિકલ્પરહિત આત્માનાં જ વિચારમાં લીન રહે છે... તેમ તેમ ચૈતન્યની શાંતિની તેને ઝાંખી થતી જાય છે ને વિશ્વાસ આવે છે કે શાંતિનો કોઈ અગાધસમુદ્ર મારામાં જ ભર્યો છે.

જે જીવ પહેલાં પરવસ્તુમાં અહંબુદ્ધિ કરતો હતો તે હવે વિચાર દ્વારા પોતાના ચૈતન્યપુંજમાં અહંબુદ્ધિ કરે છે. હું ચિંદાનંદ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, આનંદની ખાણ છું, ચૈતન્યનું નૂર છું–તેવા નિર્મળ વિચારો આવ્યા કરે છે. જડનો કે અચેતન વિકલ્પોનો મારી શુદ્ધ અનુભૂતિમાં પ્રવેશ નથી, તે તો ચૈતન્યની જાતથી જુદા છે.

આત્મસન્મુખ જીવને નિર્વિકલ્પ દશા થયા પહેલાં, આત્માની એવી ધૂન ચડે છે કે સૂક્ષ્મ વિકલ્પો પણ એને ભારરૂપ લાગ્યા કરે છે, ને ચેતનાને તેનાથી પણ જુદી કરીને અંદર લઈ જવા મથે છે; તેમાં જ તેને સુખ દેખાય છે. મુમુક્ષુને વિકલ્પથી થાક લાગે ને ચૈતન્યની કંઈક શાંતિ દેખાય ત્યારે જ તે નિર્વિકલ્પ થઈને અંદર જવાનો પ્રયત્ન કરેને?

સમ્યક્દર્શન પ્રગટ કરનાર જીવ પહેલાં તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય તે વિકલ્પવડે નહિ પરંતુ જ્ઞાનવડે જ કરે છે. તે આત્માર્થની સિદ્ધિમાં બાધક તેવા પરિણામોને ઉગ્રપણે છોડે છે. તેને બસ! એક આત્માનો રસ પીવાની જ ધગશ લાગી છે. તેને આત્મસ્વરૂપ કેવું છે? તે સમજવાની જ લગન લાગી છે. તેને એમ થાય છે કે અહા, જ્ઞાનીઓ જેનાં આટલા વખાણ કરે છે તે આત્મદ્રવ્ય કેવું છે? તે ફરી ફરીને અંદર મંથન કરી કરીને પોતાના આત્મા

સંબંધીનો નિર્ણય પાકો કરે છે–અને ગમે તેવા સંકટ આવે તોપણ તેનો સતનો નિર્ણય અફર રહે છે. તે આત્માર્થીનું કાર્ય અને ધ્યેય બસ, આત્માને સાધવો તે જ રહે છે. તે આત્માનાં કાર્યથી ડગતો નથી. તે પોતાની બધી શક્તિને, જ્ઞાનને, ઉત્સાહને, પોતાના સર્વસ્વને આત્મામાં જોડીને જરૂર આત્માર્થને સાધવામાં તત્પર થાય છે. તે સાચા જ્ઞાનીને ઓળખવાનો પ્રયત્ન કરે છે; ને તે સાચા જ્ઞાની જે ભેદજ્ઞાનથી કહેવાણા તેના જેવું ભેદજ્ઞાન લક્ષમાં લઈને તેનો પ્રયત્ન કરે છે. તે તેવા સાચા જ્ઞાની પાસેથી આત્માના અનુભવનું વર્ણન અત્યંત પ્રીતિપૂર્વક સાંભળે છે, ને તેમાંથી પોતાના પ્રયોજનભૂત જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે.

તે આત્માનો સાધક જીવ, જેઓ સાચી વસ્તુ બતાવે ને સત્સ્વરૂપ આત્માનો નિર્ણય કરાવે–તેવા જ દેવ–ગુરુ–શાસ્ત્રને માને છે. સત્ વસ્તુનો નિર્ણય ન કરાવે તેવા કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને આત્માર્થી માને નહિ. આ રીતે નિર્ણય કરીને તે પોતાના ઉપયોગને શુદ્ધસ્વભાવ તરફ ઢાળતો જાય છે.

તે એમ માને છે કે હું બધાથી ભિન્ન, એક ત્રિકાળ જ્ઞાનસ્વભાવમાત્ર જ છું, અને તે જ મારી ચીજ છે; તેને જ્ઞાનના ઘોલનમાં તે ભાસવા લાગે છે. 'હું શુદ્ધ ચિદ્રુપ છું' –તેવી તેને ધૂન ચડે છે; આત્માના ચિંતનમાં તેને સહજ જ આનંદતરંગ ઊઠે છે, ને રોમાંચ ઉલ્લસિત થાય છે. આમ હજી સવિકલ્પદશા હોવા છતાં તેને સ્વભાવના મહિમાનું લક્ષ વધતું જાય છે. ને તે જીવ શુદ્ધઆત્માના લક્ષના જોરે આત્મા તરફ આગળ ને આગળ વધે છે. તેને હવે એક જ ખ્યાલ ઘૂમ્યા કરે છે કે હું આવો અદ્ભૂત જ્ઞાનસ્વભાવી આત્મા છું. મારું જ્ઞાનતત્ત્વ વિકલ્પરૂપ નથી, અને જ્ઞેયઆશ્રિત મારું જ્ઞાન નથી, જ્ઞાનસ્વરૂપ હું પોતે છું. આમ પોતાના પરિણામમાં જ્ઞાનસ્વભાવને સર્વતરફથી નક્કી કરીને, તે બીજા બધાથી ભેદજ્ઞાન કરે છે ને અંદર ઢળે છે.

અંદર ને અંદર જ્ઞાનસ્વભાવનું ઘોલન કરતાં કરતાં, તેને જે શુદ્ધસ્વભાવના રાગમિશ્રિત વિચારો આવતા હતા તે પણ છૂટી જાય છે, અને પોતાનું સ્વરૂપ કેવળ ચિન્માત્ર ભાસવા લાગે છે....ત્યારે સર્વ પરિણામ તે સ્વરૂપવિષે એકાગ્ર થઈ પ્રવર્તે છે; ત્યારે તેને દર્શન–જ્ઞાનાદિકના, કે નય–પ્રમાણ આદિના વિકલ્પો વિલય થઈ જાય છે અને અભેદ–અખંડ ચૈતન્યરસમય નિજસ્વરૂપનું લક્ષ થાય છે....કોઈ પરમ શાંતિના વેદન સહિત પોતાનું સ્વરૂપ તેને જણાય છે અને શ્રદ્ધાય છે : અહા! આનંદધામ મારા આ આત્મામાં કોઈ વિકલ્પની આકુળતા નથી. આવો સાક્ષાત્કાર થતાં, શુદ્ધ પરિણતિ

આનંદકંદ જ્ઞાનસ્વભાવમાં જ ઘૂસી ગઈ છે. જ્ઞાનસ્વભાવમાં તન્મય પરિણમતો તે આત્મા સમસ્ત વિકલ્પથી જુદો પડી જાય છે, તેને આત્મા જ પરમાત્મારૂપે દેખાય છે; તેને જ્ઞાન અને વિકલ્પની અત્યંત ભિન્નતા ભાસે છે; જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થાય છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્માનો જે નિર્ણય કરે છે તે નિર્ણય કરનારું જ્ઞાન અંતર્મુખ અતીન્દ્રિય થઈને ભગવાન આત્માને વિકલ્પથી જુદો આનંદસ્વરૂપે પ્રસિદ્ધ કરે છે. તે જ આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. પહેલાં જે ચૈતન્યસ્વરૂપસ્વભાવનો નિશ્ચય કર્યો હતો, તે જ જ્ઞાનસ્વભાવી આત્મામાં અનુભવ ટાણે એવો વ્યાપ્ય–વ્યાપકરૂપ થઈને પ્રવર્તે છે કે જ્યાં ધ્યાતા–ધ્યેયનો ભેદ પણ રહેતો નથી; ત્યારે નિર્વિકલ્પ આનંદ દશા હોય છે. અહા, ધન્ય છે એ દશા! ધન્ય છે એ અનુભૂતિ! નિર્વિકલ્પ દશા થતાં અહો! આનંદનાં ઝરણાં વહેવા લાગે છે. પછી તેને બહારમાં ક્યાંય ચેન પડતું નથી. તેને શુભરાગમાં પણ હેયબુદ્ધિ રહે છે. બસ, ઉપાદેય ફકત એક પોતાનું જ્ઞાયકતત્ત્વ જ રહે છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ પરિણામમાં સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને ભાવે પરિણમે છે. સવિકલ્પ દશા વખતેય તેને આત્માનાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન તો રહે જ છે. સમ્યક્દ્રષ્ટિ આત્માને શુભાશુભ ભાવો વર્તે છે તોપણ તેને અંદર તો શ્રદ્ધાન હોય જ છે કે 'આ કાર્ય મારાં નથી, પર વસ્તુનો હું કર્તા નથી; ને રાગ સાથે મારી ચેતનવસ્તુ એકમેક નથી. ' તે પોતાના જ્ઞાનને રાગ સાથે એકમેક નથી કરતો; સદાય બંનેને ભિન્ન જ જાણે છે. તે રાગાદિને જુદા જાણતો થકો તેનો કર્તા થતો નથી પણ તેનો જ્ઞાતા જ રહે છે.

સમ્યગ્દ્રષ્ટિને અનુભવમાં બહુ જ આનંદ આવે છે. તે શ્રુતજ્ઞાન દ્વારા કેવળજ્ઞાન સાથે કેલિ કરે છે–તેમ કહ્યું છે. તેના જ્ઞાને રાગ સાથે મિત્રતા (એકત્વ) છોડીને કેવળજ્ઞાનસ્વભાવ સાથે મિત્રતા કરી છે ને કેવળજ્ઞાનને સાદ પાડીને બોલાવ્યું છે.

જ્ઞાનને આત્મસન્મુખ કરતાં, નિજરસથી ભરેલો, પરની અપેક્ષાએ અરસ આત્મા તેને સાચા સ્વરૂપે વેદાય છે. તે આત્મા કોઈ નયપક્ષ વડે ખંડિત થતો નથી; જ્ઞાનીનું જ્ઞાન હંમેશા વિકલ્પોથી ને સંયોગોથી જુદું જ રહે છે. વિકલ્પ હોવા છતાં વિકલ્પોથી ભિન્ન પરિણમતું આ જ્ઞાન એવું છે કે વિકલ્પાતીત થઈને જીવને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે જ છે.

ભેદજ્ઞાન થતાં આ જીવ સકળ વિકારનાં કર્તૃત્વરહિત થઈ જ્ઞાયકપણે શોભે છે.

ભેદજ્ઞાન થતાં જીવ આસ્રવોથી પાછો વળે છે, બંધ ભાવથી છૂટી મોક્ષમાર્ગ તરફ વળતો જાય છે. સમ્યક્જ્ઞાની અસાર અને અશરણ એવા સંસારથી પાછો વળે છે, ને પરમસારભૂત શરણરૂપ એવા પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકે છે. ભેદજ્ઞાન થતાં ચૈતન્યપરમેશ્વર પુરાણપુરુષ પ્રકાશમાન થાય છે, અને અતીન્દ્રિય શાંતિસહિત જ્ઞાનજ્યોતિ ઝળહળી ઊઠે છે. આવું સમ્યગ્દર્શન છે–તે આત્મા જ છે. આ સમ્યગ્દર્શન થતાં વિકલ્પ તૂટીને ઉપયોગ સ્વતરફ વળે છે, એટલે ભેદજ્ઞાન થઈ પ્રમાણજ્ઞાન થઈ ગયું છે, પછી હવે તેનો ઉપયોગ પર તરફ જાય ત્યારે પણ તે ભેદજ્ઞાન–પ્રમાણ તો સાથે ને સાથે જ વર્તે છે. વિકલ્પથી છૂટું પડીને ચૈતન્યમાં તન્મય થયેલું જ્ઞાન ફરીને કદી વિકલ્પમાં એકમેક થતું નથી, છુટું ને છુટું રહે છે તેથી તેને મુક્ત કહ્યું છેઃ **‘स हि मुक्त एव.’**

આ તો ધર્મીની અંતરની વાતો થઈ; પરંતુ બાહ્યના કષાયો પણ ઘણા નરમ પડી ગયા હોય છે, સાત વ્યસનનો ત્યાગ હોય છે, બાહ્ય સંયોગોથી તેનું ચિત્ત ઉદાસ રહે છે, ચૈતન્યની પરમશાંતિ પાસે પુણ્ય–પાપના ભાવો તેને ભઠ્ઠી જેવા લાગે છે. સમ્યક્દ્રષ્ટિને ઓળખાણપુર્વક જેવું બહુમાન સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપર હોય તેવું મિથ્યાદ્રષ્ટિને હોતું નથી. સમ્યગ્દ્રષ્ટિના વ્યવહારપરિણામ પણ ચારે પડખેથી મેળવાળા હોય છે.

સમ્યક્દર્શનની સાથે તેનામાં નિઃશંકતા, નિઃકાંક્ષા, સાધર્મીપ્રેમ, ધર્મપ્રભાવના વગેરે આઠ અંગો પણ અપૂર્વ હોય છે. તેને આત્માના સ્વભાવમાં નિઃશંકતાને લીધે મૃત્યુ વગેરે સંબંધી સાત ભય હોતા નથી. જ્ઞાનચેતનારૂપ થયેલો હોવાથી તે કર્મોને તેમ જ કર્મનાં ફળને પોતાથી અત્યંત ભિન્ન જાણે છે.

આવા અપૂર્વ મહિમાવંત સમ્યગ્દર્શનની જેને શરૂઆત થઈ તે ઈષત્સિદ્ધ છે અને તે પુર્ણતાની એટલે કે સિદ્ધ દશાની પ્રાપ્તિ કરાવે છે.

**`આવું સમ્યક્દર્શન પામેલ સર્વે આરાધકોને કોટી-કોટી વંદન.**

**આતમદેવ સુંદરી છે,**
**સુંદર ને વળી સુખી છે;**
**મિત્રો માની લેજો સર્વે,**
**કેવળીની વાત છે.**

**આ કેવળીનાં કહેણ છે,**
**જેમાં અમૃત વહેણ છે;**
**સ્વીકારી તું આજ લે,**
**તો મુક્તિ તારી કાલ છે.**

## સમ્યગ્દર્શન-લેખમાળા : લેખ નં : ૨

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા પોતાના આત્મહિતને પોષણ આપે તે પ્રકારની હોય છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે તેવી તૈયારીવાળા જીવે સૌથી પ્રથમ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લેવો જોઈએ. હું એક આત્મદ્રવ્ય છું, મારામાં જ્ઞાન છે, ને મારા જ જ્ઞાનવડે હું મારા આત્માનું ભાન કરી શકું છું, –તેવા પ્રકારની ભાવનાથી, પ્રથમ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તે વિચારે છે. તે માટે કોઈ જ્ઞાની પાસે રહીને અગર તો ગુરુગમઅનુસાર પોતે સત્‌શાસ્ત્રોનો જેમ બને તેમ જિજ્ઞાસુ થઈને અભ્યાસ કરે છે, એટલે કે તત્ત્વોનો બરાબર અભ્યાસ કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનમ્' તેથી જીવાદિ સાત તત્ત્વોને જેમ છે તેમ જાણવા એટલે કે જીવને જીવ તરીકે, અજીવને અજીવ તરીકે, પુણ્ય –પાપ–આસ્ત્રવને આસ્ત્રવ તરીકે–એમ સાતે તત્ત્વોને બરાબર જાણી શ્રદ્ધા કરવી. સમ્યગ્દર્શન થવામાં પ્રથમ આ સાત તત્ત્વની ઓળખાણ ખાસ જોઈએ. આસાત તત્ત્વનું સ્વરૂપ વિચારતાં સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટે છે ને ચૈતન્યનો રસ ઘૂંટાય છે, એટલે આત્માની પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય છે. તે વખતે પોતાના વિચારો એટલે આત્માનું મનન કરતાં હું એક આત્મા છું, જ્ઞાયક છું, સિદ્ધ છું, બુદ્ધ છું–ઇત્યાદિ વિચાર હોય; અગર તો અતીન્દ્રિય છું, સર્વથી ભિન્ન છું, જ્ઞાન મારો સ્વભાવ છે, રાગ મારો સ્વભાવ નથી,–એવા સ્વ અને પરની ભિન્નતાના વિચાર હોય; અગર તો આત્માની અનંતી શક્તિઓના વિચાર હોય. એવી રીતે અનેક પ્રકારથી આત્માના મહિમાના અને સ્વ–પરના ભેદજ્ઞાનના વિચારો હોય છે. એમ કોઈ પણ પ્રકારે પોતાના સ્વભાવ તરફ ઝુકવાના વિચાર હોય છે. આવી રીતે જ્યારે અંતરની કોઈ અદ્‌ભૂત ઉગ્ર ધારા સ્વભાવ તરફની ઊપડે છે તે વખતે પછી બધા પ્રકારના વિકલ્પો શાંત થવા માંડે છે, ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે. તે વખતે વિશુદ્ધતાના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારાવડે અંતરમાં ત્રણ કરણ થઈ જાય છે; એ ત્રણ કરણના કાળે જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુને વધુ મગ્ન થતા જાય છે. આ રીતે આત્માના સ્વરૂપમાં મગ્ન થતાં નિર્વિકલ્પદશા થઈને પરમશાંત અનુભૂતિવડે જીવ પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે... આનું નામ સમ્યગ્દર્શન.

આવું સમ્યગ્દર્શન થતાં પહેલાં જીવની રહેણીકરણી વિષયોથી વિરકત, સંસારી કાર્યોથી ઉદાસીન, સ્વભાવ તરફના ઢોળાવવાળી, સાધુ–સંતો–જ્ઞાનીઓના સંગમાં રહેવાની

અગર તો વિશેષતા કરી એકાંતમાં આત્મચિંતન કરવાની હોય છે. આવી બહારની પણ તેથી પ્રવૃત્તિ હોય છે અને અંતરમાં સ્વભાવના રસનું ઘોલન હોય છે. આવા જીવને પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ થાય છે, પછી ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. પછી અલ્પકાળમાં તે સંસારપરિભ્રમણથી છૂટીને સમ્યક્ત્વના પ્રતાપે અપૂર્વ મોક્ષસુખ પામે છે. માટે મોક્ષાર્થીએ આવા સમ્યક્ત્વની ભાવના ભાવવી, અને સર્વ ઉદ્યમથી તે પ્રગટ કરવું.

❀ ❀ ❀

હવે, શ્રાવકોએ પહેલાં તો સુનિર્મલ સમ્યક્ત્વ પ્રગટ કરવું. અત્યંત નિર્મળ અને મેરુસમાન નિષ્કંપ એવું સમ્યગ્દર્શન પ્રગટ કરીને તેનું નિરંતર ધ્યાન કરવું. ચલ મલ અને અગાઢ દોષરહિત એવું અચલ નિર્મળ અને દ્રઢ સમ્યગ્દર્શન પ્રગટ કરીને દુઃખના ક્ષય માટે તેને જ ધ્યાનમાં ધ્યાવવું. જેમ મહા સંવર્તક વાયરાથી પણ મેરુપર્વત ડગતો નથી તેમ જગતની ગમે તેવી પ્રતિકૂળતાથી પણ સમ્યગ્દ્રષ્ટિનું શ્રદ્ધાન ડગે નહિ; દેવો પરીક્ષા કરવા આવે તોપણ સમ્યક્ત્વથી ડગે નહિ. શ્રાવકે આવું દ્રઢ સમ્યક્ત્વ ગ્રહણ કરી નિર્વિકલ્પ આનંદનો ફરીફરી અનુભવ કરવો,–જેથી દુઃખનો ક્ષય થાય. દુઃખનો ક્ષય કરવા અચલપણે દ્રઢપણે સમ્યક્ત્વને નિરંતર ધ્યાવો–એટલે કે શુદ્ધ આત્માને ધ્યાવો. ગૃહસ્થપણામાં જે ક્ષોભ–ક્લેશ–દુઃખ હોય તે આવા સમ્યક્ત્વના પરિણમનવડે નાશી જાય છે. જુઓ, આ દુઃખના નાશનો ઉપાય! આવું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ધર્મ થાય છે, ને આત્મામાં નિર્મળતા વધતી જાય છે. ગમે તેવા ઉપસર્ગો આવી પડે પણ આવા સમ્યક્ત્વથી અંદર શુદ્ધાત્મા ઉપર જ્યાં નજર કરે ત્યાં ધર્માત્મા આખા સંસારને ભૂલી જાય છે. આવું સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી તેણે પણ સર્વજ્ઞઅનુસાર સર્વે વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણ્યું છે, તેથી હવે બહારનાં કોઈ પણ કાર્યો બગડે કે સુધરે પણ તે પોતાના સમ્યક્ત્વથી ડગતો નથી. આવી સમ્યક્ત્વની નિષ્કંપતાવડે નિશંકપણે યથાર્થ વસ્તુસ્વરૂપ ચિંતવે છે કે સર્વજ્ઞદેવે વસ્તુનું સ્વરૂપ જે રીતે જાણ્યું છે તે જ રીતે તેનું પરિણમન થાય છે; કોઈ તેને ફેરવવા સમર્થ નથી. માટે તેના પરિણમનમાં ઇષ્ટ–અનિષ્ટપણું માનીને રાગ–દ્વેષી થવું તે નિરર્થક છે. પરનું પરિણમન પરને આધારે છે, તેમાં મને કંઈ ઇષ્ટ કે અનિષ્ટ નથી, એટલે તેમાં ક્યાંય રાગ–દ્વેષ કરવાનું મારું કામ નથી, હું તો માત્ર જ્ઞાનસ્વભાવી છું. આવી વસ્તુના સ્વરૂપની ભાવનાથી દુઃખ મટે છે, –તે પ્રત્યક્ષ અનુભવગોચર છે. માટે શ્રાવકે દુઃખના ક્ષયના અર્થે સમ્યક્ત્વ ગ્રહણ કરીને મેરુ જેવી દ્રઢતાથી તેને નિરંતર ભાવવું, ધ્યાવવું. ગૃહસ્થપણામાં રહેલા શ્રાવકે પણ ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન કરવું–જેથી

નિર્મળપણે મેરુસમાન અકંપપણું આવે છે. ગમેતેવી પ્રતિકૂળતામાં પણ તેની શ્રદ્ધા ડગતી નથી. આવું સમ્યક્ત્વરૂપે પરિણમન કરી રહેલ જીવનાં દુષ્ટ અષ્ટ કર્મોનો ક્ષય થાય છે. જુઓ, આ સમ્યક્ત્વનું સામર્થ્ય! સમ્યક્ત્વ થતાં અનંતાકર્મો ખરવા માંડે છે, ગુણશ્રેણી નિર્જરા શરૂ થાય છે. મોક્ષને માટે તેને આત્માનું જ અવલંબન રહ્યું. મિથ્યાત્વનું મૂળ કપાઈ ગયું. મોક્ષનું બીજ રોપાયું ને અંકૂરા ફૂટયા. કર્મો તરફનું વલણ ન રહ્યું એટલે કર્મો નિર્જરતાં જાય છે. આવી રીતે મિથ્યાત્વરૂપી બીજ નાશ થયું ત્યાં કર્મનું વિષવૃક્ષ અલ્પકાળમાં સુકાઈ જાય છે. અનંતાનુબંધીના કષાયો તો નષ્ટ થયા, બાકીનાં કષાયો પણ ઘણા મંદ થઈ ગયા. તેને ક્રમે–ક્રમે શુદ્ધતા વધતી જાય છે, ને અનુક્રમે ચારિત્ર તથા શુક્લધ્યાનનો સહકાર મળતાં સર્વે કર્મો નષ્ટ થઈ, કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટે છે. આ બધો સમ્યગ્દર્શનનો મહિમા છે. જેને સમ્યગ્દર્શન થયું તેના મોક્ષના દરવાજા ખુલી ગયા. જે ઉત્તમપુરુષો પૂર્વે સિદ્ધિ પામ્યા છે, અત્યારે પામે છે, અને ભવિષ્યમાં પામશે તે બધું આ સમ્યક્ત્વનું જ માહાત્મય જાણી, સમ્યક્ત્વને જ સિદ્ધિનું મૂળકારણ જાણી, તેને પ્રાપ્ત કરી, તેમાં જ એકાગ્રતા કરવી. આ સમ્યગ્દર્શન ધર્મનું બીજ છે, કલ્પવૃક્ષ છે, ચિન્તામણિ છે. કામધેનું છે. છ ખંડના રાજવૈભવ વચ્ચે રહેલા ચક્રવર્તી પણ આવા સમ્યગ્દર્શનની આરાધના કરે છે. સમ્યક્ત્વી જાણે છે કે અહો, મારી ઋદ્ધિ–સિદ્ધિ મારા ચૈતન્યમાં છે. જગતની ઋદ્ધિમાં મારી ઋદ્ધિ નથી. જગતથી નિરપેક્ષપણે મારામાં જ મારી સર્વે રિદ્ધિ–સિદ્ધિ ભરેલી છે.

**રિદ્ધિ-સિદ્ધિ-વૃદ્ધિ દીસે ઘટમે પ્રગટ સદા,**
**અંતરકી લક્ષ્મી સો અજાચી લક્ષપતી હૈ;**
**દાસ ભગવંતકો ઉદાસ રહે જગત સો.**
**સુખીઆ સદૈવ ઐસે જીવ સમકિતી હૈ:**

સમકિતી ધર્માત્મા ગૃહસ્થપણામાં રહ્યા છતાં પોતાના આત્માને અનુભવે છે. મારી ચૈતન્યરિદ્ધિ–સિદ્ધિ સદાય મારા અંતરમાં વૃદ્ધિગત છે. મારા અંતરની ચૈતન્યલક્ષ્મીનો હું સ્વામી છું. જગત પાસેથી કાંઈ લેવું નથી. તે જિન ભગવાનનો દાસ છે. અને જગતથી ઉદાસ છે. સમ્યગ્દર્શન જ ધર્મના સર્વે અંગોને સફળ કરે છે. ક્ષમા –જ્ઞાન–આચરણ વિગેરે સમ્યગ્દર્શન વગર ધર્મ નામ પામતાં નથી. સમ્યગ્દર્શન વગરનું જ્ઞાન તે અજ્ઞાન છે, આચરણ તે મિથ્યાચારિત્ર છે, અને ક્ષમા તે અનંતાનુબંધી ક્રોધસહિત છે;–માટે સમ્યગ્દર્શનથી જ ક્ષમા–જ્ઞાન–ચારિત્ર વગેરેની સફળતા છે.

ધર્માત્માને સ્વપ્નામાં પણ ચૈતન્ય અને આનંદનો મહિમા ભાસે છે. સમ્યક્ત્વમાં કોઈપણ દોષ સ્વપ્ને પણ આવવા ન દે. આવા સમકિતી ધર્માત્માને જગતમાં ધન્ય છે, તે જ સુકુતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત અને મનુષ્ય છે. ભલે શાસ્ત્રો ભણ્યો ન હોય, વાંચતાં કે બોલતાં ન આવડતું હોય છતાં તે મોટો પંડિત છે; બારઅંગનો સાર તેણે જાણી લીધો છે; કરવા યોગ્ય ઉત્તમકાર્ય તેણે કર્યું છે તેથી તે સુકુતાર્થ છે; યુદ્ધમાં હજારો યોદ્ધાઓને જીતનારો લોકમાં શૂરવીર કહેવાય છે, પણ હજારો યોદ્ધાઓને જીતવા છતાં અંતરમાં મિથ્યાત્વને જે જીતી શક્યો નથી તે ખરેખર શૂરવીર નથી. જેણે મિથ્યાત્વને જીતી લીધું તે સમકિતી જ ખરા શૂરવીર છે. સમ્યગ્દર્શન વગરના મનુષ્યોને પશુ સમાન કહ્યા છે, અને સમ્યગ્દર્શન સહિતના પશુઓને દેવસમાન કહ્યા છે. લાખો કરોડો રૂપીઆ ખરચવાથી કે અનેક પ્રકારના પુણ્યના શુભભાવ કરવાથી પણ જે સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય તેવું દુર્લભ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી તેને અચલપણે સાચવી રાખવું એ જ કાર્ય કરવા જેવું છે. આવા સમ્યગ્દ્રષ્ટિને મરણ વગેરે સાત પ્રકારનાં ભય હોતાં નથી. આત્માની આરાધનામાં તે નિઃશંક છે, એટલે પરલોકમાં મારી ગતિ કેવી થશે ?–મારે નરકનાં દુઃખ ભોગવવાં પડશે, અગર તો બીજાં શું–શું દુઃખ ભોગવવાં પડશે ?–તેવો ભય તેને હોતો નથી. જ્યાં જઈશ ત્યાં સમ્યક્ત્વના પ્રતાપે મારા ચૈતન્યના સુખને જ ભોગવીશ, એનાથી જુદો બીજો કોઈ ભોગવટો મારા જ્ઞાનમાં નથી.–એમ તેને વિશ્વાસ છે. તે બધી કર્મકૃત ઉપાધિને પોતાથી જુદી અનુભવે છે, તેથી કર્મકૃત સંસારી સુખ–દુઃખને તે પોતાનાં ગણતો નથી. વળી જન્મ–મરણનો ભય તેને નથી કારણકે આત્મા તો અજર અમર છે, તેને જન્મ કે મરણ નથી; આવા જન્મ–મરણ વગરના અવિનાશી આતમરામને અનુભવ્યો પછી જન્મ–મરણ કેવા ? ને જન્મ–મરણનો ભય કેવો ? વળી મારી ચૈતન્યલક્ષ્મી મારા આત્મામાં એવી અભેદ છે કે કોઈ તેને લૂંટી શકે નહિ; આત્મા સ્વયં પોતે પોતામાં ગુપ્ત છે–પોતે સ્વયં રક્ષિત છે, કોઈ તેનો નાશ કરી શકે નહિ, તેને હરી શકે નહીં.–આમ સમ્યગ્દ્રષ્ટિ નિજસ્વરૂપમાં સર્વપ્રકારે નિઃશંક છે. તેમજ ચૈતન્યની અપાર મહત્તા પાસે બીજા કોઈની મહત્તા તેને ભાસતી નથી તેથી તેને શરીરાદિ સંબંધી મદ હોતાં નથી. આ રીતે આઠગુણસહિત, ને આઠમદ વગેરે સર્વ દોષરહિત શુદ્ધ સમ્યક્ત્વવડે પોતાના આત્માની સાધનામાં આગળ વધતાં વધતાં તે ધર્માત્મા પોતાના ધારેલા અનંતસુખમય મોક્ષધામને અલ્પકાળમાં પામે છે. તેને અમારા નમસ્કાર હો.

## -આપને ધન્ય છે......

**સમ્યગ્દર્શન સંબંધી નિબંધની એક યોજના અમદાવાદના મુમુક્ષુ ભાઈશ્રી જેઠાલાલ મોતીચંદ (નિવૃત્ત ડે. કલેકટર) તરફથી આત્મધર્મ દ્વારા રજુ કરવામાં આવેલ, તેમાં ૯૬ જેટલા જિજ્ઞાસુ ભાઈ-બહેનોને તત્ત્વરસપૂર્વક ખૂબ ઉત્સાહથી ભાગ લીધો છે, અને પોતપોતાની ઉત્તમ વિચારધારાનું દોહન આ નિબંધો દ્વારા વ્યક્ત કર્યું છે. લેખ મોકલનારાઓમાં નાના બાળકો પણ છે ને મોટા કોલેજિયનો-ડોકટરો -વકીલો પણ છે. ક્ષત્રિય, પટેલ ને હરિજનોએ પણ હોંશથી ભાગ લીધો છે. જિજ્ઞાસુઓમાં, અને તેમાં પણ વિશેષપણે યુવાનવર્ગમાં સમ્યક્ત્વ પ્રત્યેનો જે રંગ જાગ્યો છે તે દેખીને ઘણી પ્રસન્નતા થાય છે. લેખ મોકલનારા સૌને ધન્યવાદપૂર્વક અહીં તેમનાં નામ રજૂ થાય છે-**

### (૧૦૦ થી ૯૧ સુધી માર્કવાળા ૮ શ્રેષ્ઠ નિબંધો)

૧. ધર્મિષ્ઠાબેન ધીરજલાલ જૈન બી. એસસી. મલાડ
૨. શાહ મગનલાલ હીરાચંદ ચોરીવાડ
૩. અમૃતલાલ જે. શાહ પ્રાંતીજ
૪. કોકિલાબેન સોમચંદ જૈન બી.એ. ?
૫. શા. જેઠાલાલ હીરાચંદ ચોરીવાડ
૬. શૈલેષકુમાર અનંતરાય ગાંધી વડોદરા
૭. જયશ્રીબેન દોશી રાજકોટ
૮. કુમુદચંદ્ર કે. દોશી અમદાવાદ

### (૯૦ થી ૭૦ સુધીના માર્કવાળા ૪૧ નિબંધો)

૧. જયંતિલાલ જેઠાલાલ વાંકાનેર
૨. વીરચંદ કરમચંદ દોશી જુનાગઢ
૩. અજિતકુમાર વી. ખારા કલકત્તા
૪. પ્રવીણચંદ ચંપકલાલ જૈન બોટાદ
૫. વાસંતી ભરતકુમાર જૈન ઘાટકોપર
૬. ભાનુમતીબેન વી. પારેખ રાજકોટ
૭. શારદાબેન ગુલાબચંદ જૈન જામનગર
૮. ઈંદુલાલ રતિલાલ સંઘવી મોરબી
૯. હરિભાઈ લખાભાઈ પટેલ ચોરીવાડ
૧૦. ચંદ્રિકાબેન વૃજલાલ જૈન રાજકોટ
૧૧. કાંતિલાલ હરિલાલ શાહ મુંબઈ
૧૨. યોગેશ દામોદરદાસ જૈન અમદાવાદ
૧૩. ફકીરચંદ અનુપચંદ ભરૂચ
૧૪. શેઠ ચમનલાલ તુલસીદાસ વઢવાણ
૧૫. સમરતબેન ચુનીલાલ નાકોડા
૧૬. શાંતિલાલ હરજીવન જૈન અમદાવાદ
૧૭. મહેન્દ્રલાલ કનૈયાલાલ જૈન દાહોદ
૧૮. માયાબેન વૃજલાલ જૈન રાજકોટ

૧૯. જસવંતલાલ જમનાદાસ કામદાર મલાડ
૨૦. જ્યોતિબાળા નિરંજનકુમાર જૈન સુરત
૨૧. તરુણાબેન દામોદરદાસ જૈન અમદાવાદ
૨૨. હરેશ જૈન તળાજા
૨૩. માલતીબેન હિંમતલાલ જૈન સોનગઢ
૨૪. કોકિલાબેન નાથાલાલ શાહ જલુંદરા–નાના
૨૫. શાહ દયાળચંદ ગુલાબચંદ થાનગઢ
૨૬. કિરીટ અને મહેન્દ્ર મીઠાલાલ જલુંદરા–નાના
૨૭. વકીલ કેશવલાલ ડી. શાહ ધ્રાગ્રંધા
૨૮. ચંદુલાલ ગુલાબચંદ શાહ નિકોડા
૨૯. ચીમનલાલ શકરચંદ શાહ અમદાવાદ
૩૦. રવજીભાઈ ગોવિંદભાઈ પટેલ મુંબઈ
૩૧. કાન્તાબેન મગનલાલ જૈન વાંકાનેર
૩૨. અરવિંદ જયંતિલાલ માવાણી ગોંડલ
૩૩. વલ્લભદાસ રવિદાસ ગોંડલિયા રાજકોટ
૩૪. કંચનબેન હિંમતલાલ શેઠ લીંબડી
૩૫. સરોજબેન તલકશી શાહ બોટાદ
૩૬. મગનલાલ ન્યાયચંદ શાહ વાંકાનેર
૩૭. સભ્ય નં ૮૨૨ ( નામ–સરનામું મોકલાવું )
૩૮. મહેતા વસંતલાલ જેઠાલાલ વાંકાનેર
૩૯. શોભનાબેન લાલચંદ મોદી રાજકોટ
૪૦. એક જિજ્ઞાસુ ( નામ–સરનામું મોકલવું )
૪૧. વાસંતી ગુણવંતરાય ભાયાણી દાદર

## ( ૭૦ ની અંદરના માર્કવાળા સુંદર ૪૭ નિબંધો )

૧. સુભાષ વૃજલાલ જૈન રાજકોટ
૨. ડો. દેવેન્દ્ર એમ. દોશી સુરેન્દ્રનગર
૩. એક જિજ્ઞાસુ ( નામ–સરનામું મોકલવું. )
૪. કે. આર. કામદાર. બી. એ. ( સરનામું મોકલવું )
૫. લીલાબેન છબીલદાસ રાણપુર
૬. લાભુભાઈ સી. મહેતા વડોદરા
૭. વીરચંદ જેઠાભાઈ માલદે સોનગઢ
૮. દરબાર હરિસીંગ ભાવસીંગ સરવાળ
૯. મંગળદાસ એમ. શાહ ( એડવોકેટ ) અમદાવાદ
૧૦. રતિલાલ એસ. કામદાર જોરાવરનગર
૧૧. શેઠ મોહનલાલ હરખચંદ ધ્રાફા
૧૨. સવિતાબેન કેશવલાલ કોટડિયા હિંમતનગર
૧૩. મીનાક્ષીબેન અનિલકુમાર ( સરનામું મોકલવું. )
૧૪. રંજનબેન વાડીલાલ જૈન વઢવાણ
૧૫. અમરચંદ ન્યાયચંદ જૈન વાંકાનેર
૧૬. રતિલાલ માણેકચંદ શાહ નાડિયાદ
૧૭. સુરેશકુમાર ભૂરાલાલ કામદાર સુરત
૧૮. શાહ રજનીકાન્ત મગનલાલ ( સરનામું લખો. )
૧૯. એક જિજ્ઞાસુ ( નામ સરનામું મોકલો )
૨૦. બ્ર. ચેતન જૈન સોનગઢ
૨૧. અમૃતલાલ વલ્લભદાસ શાહ યવતમાલ
૨૨. નવીનચંદ્ર રાજકોટ
૨૩. કોકિલાબેન ચીમનલાલ જૈન વઢવાણ
૨૪. પટેલ મોહન ભીમજી કાનાતળાવ
૨૫. નગીનદાસ મોતીચંદ અમરાપુર
૨૬. રેવાબેન તારાચંદ રાજકોટ
૨૭. નીલેશ નટવરલાલ દલાલ મુંબઈ
૨૮. बाबुलाल जैन ‘जनता’ राधौगढ
૨૯. मिसरीलाल बालचंद जैन राधौगढ
૩૦. શાહ અનિલકુમાર મણીલાલ સાબલી

| | | | |
|---|---|---|---|
| ૩૧. સુશીલાબેન મગનલાલ ( સરનામું મોકલવું. ) | | ૪૦. મહેતા દુર્લભજી કાશીદાસ | મોરબી |
| ૩૨. મુકેશચંદ્ર કેશવલાલ જૈન | વઢવાણ | ૪૧. ભદ્રાબેન અને અનિલભાઈ ( સરનામું લખો ) | |
| ૩૩. પટેલ દેવજી વાલા | કાનાતળાવ | ૪૨. પ્રતાપરાય વનમાળીદાસ શાહ | ઘાટકોપર |
| ૩૪. ચંપાબેન નેમચંદ જૈન | સાબલી | ૪૩. चान्दमल किसनलालजी जैन | पूना |
| ૩૫. શાંતિલાલ કે. શાહ | કલકત્તા | ૪૪. धोंडीराम खुशालचंद जैन | घोडीनदी |
| ૩૬. સવિતાબેન ભોગીલાલ જૈન | અમદાવાદ | ૪૫. રૂક્ષ્મીણીબેન ગોપાલજી | રાજકોટ |
| ૩૭. ખુમાભાઈ સાંજાભાઈ પટેલ | ચોરીવાડ | ૪૬. હુકમચંદ રાજહંસ–ભારતી | ધ્રાંગધ્રા |
| ૩૮. રૂમાલભાઈ લાલજીભાઈ | લીમડી–ડોળી | ૪૭. સી. એન. દેસાઈ | અમદાવાદ |
| ૩૯. કલ્પાબેન દિનકર પારેખ | ઘાટકોપર | | |

[ શ્રેષ્ઠ નિબંધો માટેના ઈનામમાં પ્રથમ ઈનામ રૂા. ૧૦૧ ) કુમારી ધર્મિષ્ઠાબેન ધીરજલાલ જૈન B.Sc. મલાડને પ્રાપ્ત થાય છે; ત્યાર પછીના બીજા સાત નિબંધોને દરેકને પચ્ચીસ રૂપિયાનાં ઈનામો પ્રાપ્ત થાય છે. તદુપરાંત નિબંધ લખનારા બધાયને સમ્યગ્દર્શન–પુસ્તક પાંચમું છપાશે ત્યારે ભેટ મોકલવામાં આવશે. આ ઈનામો ભાઈશ્રી જેઠાલાલ મોતીચંદભાઈ અમદાવાદ તથા ભાઈશ્રી ચીમનભાઈ મોદી પાલનપુરવાળા તરફથી આપવામાં આવ્યા છે. આવેલા લેખોમાંથી ઘણાં લખાણો 'આત્મધર્મ'માંથી લેવાયેલા છે, આત્મધર્મ દ્વારા હજારો મુમુક્ષુઓના હૃદયમાં સમ્યક્ત્વના મહિમાના કેટલા ઊંડા સંસ્કારો સીંચાયા છે–તેની આ નિબંધો સાક્ષી પૂરે છે. નિબંધ લખનારી ઉપરાંત બીજા હજારો જિજ્ઞાસુઓ પણ સમ્યક્ત્વની ભાવના ભાવી રહ્યા છે.... તે પ્રશંસનીય છે. ]

ધન્ય છે તેમને....જેઓ જિનમાર્ગ–અનુસાર સમ્યક્ત્વની ચર્ચા પણ કરે છે. ( બ્ર. હ. જૈન )

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૫૧ ) રમેશકુમાર મનહરલાલ | બેંગલોર | ૧૦૧ ) કસુંબાબેન બાલુભાઈ વોરા | કલકત્તા |
| ૧૦૧ ) છોટાલાલ ડામરશી શાહ | ધ્રાંગધ્રા | ૫૧ ) નાગરદાસ રામજીભાઈ | મુંબઈ |
| ૨૫ ) ખેમરાજ દુલીચંદ જૈન | ખૈરાગઢ | ૫૧ ) શાહ નવલચંદ જગજીવન | સોનગઢ |
| ૧૫૧ ) પૂષ્પાબેન અમુલખ મોદી | રાજકોટ | ૧૦૧ ) જીવીબેન ચીમનલાલ શાહ | મુંબઈ |
| ૫૧ ) હરિલાલ રેવાશંકર | કલકત્તા | ૫૦ ) મોદી પુનમચંદ સોજાજી | સાયલા |
| ૫૧ ) શ્રી ધુડીબેન જૈન | દેશનાક | | |
| ૫૧ ) હેમકુંવરબેન નરભેરામ કામાણી | જમશેદપુર | | |
| ૩૧ ) સુગનચંદજી જૈન | ફૂલેરા | | |

( ગતાંકમાં આ વિભાગમાં છપાયેલા બાબુલાલ માણેકલાલ તલાટીને બદલે બાબુલાલ માણેકલાલ શાહ વાંચવું )

# વીતરાગ-વિજ્ઞાન-પ્રશ્નોત્તરી ( ત્રીજો ભાગ )

**છહઢાળાના પ્રવચનોનું ત્રીજું પુસ્તક (વીતરાગવિજ્ઞાન ભાગ ૩) આવતી સાલના આત્મધર્મના ગ્રાહકોને ભેટ મળવાનું છે; તેના પરિશિષ્ટમાં જે ટૂંકા પ્રશ્નોત્તર આપેલ છે તેનો થોડોક ભાગ અહીં આપ્યો છે, તે જિજ્ઞાસુઓને ગમશે.**

**પ્રશ્નઃ-** બીજી ઢાળના અંતમાં શું ભલામણ કરી છે?

**ઉત્તરઃ-** 'હે જીવ! હવે તું આત્મહિતના પંથમાં લાગ.'

૧. જીવના હિતનો પંથ શું છે?

સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર.

૨. જીવને દુઃખનું કારણ શું છે?

મિથ્યાદર્શન–મિથ્યાજ્ઞાન–મિથ્યાચારિત્ર.

૩. સુખ કોને કહેવાય?

જેમાં આકુળતા ન હોય તેને.

૪. એવું સુંખ ક્યાં હોય?

જીવની મોક્ષદશામાં પૂરું સુખ હોય.

૫. સુખી થવા માટે જીવે શું કરવું જોઈએ?

જીવે મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ.

૬. સત્યાર્થરૂપ મોક્ષમાર્ગ ક્યો છે?

નિશ્ચયમોક્ષમાર્ગ તે જ સત્યાર્થરૂપ છે.

૭. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે?

તે કારણરૂપ એટલે નિમિત્તરૂપ છે, સત્યાર્થરૂપ નથી.

૮. મોક્ષના સત્યાર્થ માર્ગ કેટલા છે?

સાચો મોક્ષમાર્ગ એક જ છે, બે નથી.

૯. નિશ્ચય અને વ્યવહાર બંનેને સાચા મોક્ષમાર્ગ માને તો?

–તો પં. ટોડરમલજીએ તેને મિથ્યાબુદ્ધિ કહેલ છે.

૧૦. જૈનસિદ્ધાંતનું ખરું રહસ્ય કઈ રીતે સમજાય?

નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ એમ જ માની તેની શ્રદ્ધા કરવી; અને વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની (ખરેખર એમ નથી એમ સમજી) તેની શ્રદ્ધા છોડવી. આ રીતે જૈનસિદ્ધાંતનું

ખરું રહસ્ય સમજાય છે.

૧૧. કોના આશ્રયે જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે?
ભૂતાર્થસ્વભાવના આશ્રયે જીવ સમ્યગ્દ્રષ્ટિ થાય છે.

૧૨. મુનિવરો કઈ રીતે મોક્ષને સાધે છે? નિશ્ચયનયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

૧૩. હજારો શાસ્ત્રોનો ભંડાર શેમાં ભર્યો છે? સમયસારમાં.

૧૪. નિશ્ચય વગરના એકલા વ્યવહારને કારણ કહેવાય?
ના, તે ઉપચારથી પણ કારણ નથી.

૧૫. આવો મોક્ષમાર્ગ જાણીને શું કરવું?
તેની આરાધનામાં આત્માને જોડવો.

૧૬. મુનવરોએ આત્મહિતનો ઉપાય શું કહ્યો?
'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગ'

૧૭. પુણ્ય તરફના વલણમાં સુખ છે કે દુઃખ? તેમાં પણ આકુળતા છે એટલે દુઃખ છે.

૧૮. તો સુખ શેમાં છે? આત્માના શાંત–નિરાકુળ–ચેતનરસના અનુભવમાં સુખ છે.

૧૯. મોક્ષમાર્ગમાંથી કોને કાઢી નાંખ્યા? પાપ અને પુણ્ય બંનેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા.

૨૦. પૂર્ણ સુખરૂપ મોક્ષનો માર્ગ કેવો હોય? તે માર્ગ પણ રાગ વગરનો નીરાકુળ જ હોય.

૨૧. રાગસહિત વ્યવહારરત્નત્રય કેવા છે? તે સત્યાર્થ મોક્ષમાર્ગ નથી.

૨૨. સત્યાર્થ મોક્ષમાર્ગ કેવો છે? રાગ વગરના નિશ્ચય રત્નત્રયરૂપ.

૨૩. મોક્ષને માટે નિયમથી કરવા જેવું કાર્ય શું છે? રાગ વગરનાં શુદ્ધરત્નત્રય તે નિયમથી કર્તવ્ય છે.

૨૪. સુખ માટે જીવે શેમાં લાગવું જોઈએ? નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં નિરંતર લાગ્યા રહેવું.

૨૫. સુખ શું છે?
આત્માનો સ્વભાવ.

૨૬. રાગ શું છે? તે કાંઈ આત્માનો સ્વભાવ નથી.

૨૭. કોને જાણતાં સુખ થાય છે? સુખસ્વભાવી આત્માને જાણતાં સુખ થાય છે.

૨૮. સુખ રાગમાં હોય? કે વીતરાગતામાં? વીતરાગતામાં જ સુખ છે; રાગમાં સુખ નથી.

૨૯. રાગમાં અને પુણ્યમાં સુખ માને તો? તો તેને રાગ અને પુણ્ય વગરના મોક્ષની શ્રદ્ધા નથી.

૩૦. આત્માના અતીન્દ્રિય સુખને કોણ જાણે છે? ધર્મી જ તે સુખને જાણે છે.

૩૧. તે સુખ કેમ અનુભવાય?
વીતરાગવિજ્ઞાનવડે જ તે સુખ અનુભવાય છે

૩૨. પુણ્ય બાંધવાના ભાવમાં શું છે?
આકુળતા અને દુઃખ

૩૩. પુણ્યફળના ભોગવટામાં શું છે?
આકુળતા અને દુઃખ.

૩૪. સુખ ક્યાં છે? આત્મા સ્વયં સુખસ્વરૂપ છે, તેની સન્મુખતા તે સુખ છે.

૩૫. શેના વગર સુખ ન થાય?
વીતરાગ–વિજ્ઞાન વગર કોઈને સુખ ન થાય.

૩૬. ધર્મી જીવ શેમાં રાજી છે?
ધર્મી જીવ ઇન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

૩૭. જીવ હેરાન કેમ થઈ રહ્યો છે?
આત્મામાં સુખ છે–તેને ભૂલ્યો છે તેથી.

૩૮. બાહ્ય વિષયોમાંથી સુખ કેમ નથી મળતું? ત્યાં સુખ છે જ નહિ–પછી ક્યાંથી મળે?

૩૯. ધનવાન સુખી, દરિદ્ર, દુઃખી–એ સાચું? ના; નિર્મોહી સુખી ને મોહી દુઃખી.

૪૦. જડ વૈભવમાં સુખ છે? ના; સુખ તે તો આત્માનો વૈભવ છે.

૪૧. ભગવાન સિદ્ધો અને અરિહંતો શું કરે છે? બ્રાહ્ય સાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

૪૨. મોક્ષના અર્થીએ શું કરવું જોઈએ?
મોક્ષના માર્ગે ચાલવું જોઈએ.

૪૩. મોક્ષનો માર્ગ શું છૈ? વીતરાગ રત્નત્રય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર.

૪૪. તે મોક્ષના માર્ગમાં રાગ આવે?
ના; રાગ તો બંધમાર્ગ છે, તે મોક્ષમાર્ગ નથી.

૪૫. સાચો–સત્યાર્થ મોક્ષમાર્ગ કયો છે?
જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે જ સત્યાર્થસાચો છે.

૪૬. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે?
તે ઉપચારથી નિશ્ચયનું કારણ છે.

૪૭. તેને ઉપચારથી કારણ કેમ કહ્યું?
તે મોક્ષમાર્ગનો સહકારી છે તેથી; (તે પોતે ખરો મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેલ છે.)

૪૮. સાચું કારણ કેવું હોય? સાચાં કારણ–કાર્ય એક જાતનાં હોય; એટલે શુદ્ધતાનું કારણ શુદ્ધતા જ હોય, શુદ્ધતાનું કારણ રાગ ન હોય.

૪૯. સાચો મોક્ષમાર્ગ કેવો છે?
શુદ્ધ સ્વદ્રવ્યને આશ્રિત છે.

૫૦. ઉપચાર મોક્ષમાર્ગ કેવો છે?
પરદ્રવ્યને આશ્રિત છે.

૫૧. સાચો મોક્ષમાર્ગ જાણીને શું કરવું?
તેમાં લાગ્યા રહેવું. (शिवमग लाग्यो चहिए )

૫૨. નિશ્ચય-વ્યવહાર બંનેને ક્યારે જાણ્યા કહેવાય ?

નિશ્ચયને એકને આદરે ત્યારે.

૫૩. નિશ્ચય માર્ગ કેવો છે ? તે પોતાના શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો છે.

૫૪. વ્યવહાર માર્ગ કેવો છે ? તે પરાશ્રયે થયેલો છે.

૫૫. સાચા મોક્ષમાર્ગ કેટલા છે ?

એક જ છે.

૫૬. મોક્ષમાર્ગનાં બીજાં નામો કયા છે ? આનંદમાર્ગ, મોક્ષની ક્રિયા, આરાધના, ધર્મ, મોક્ષનો પુરુષાર્થ, શુદ્ધપરિણતિ, મોક્ષનું સાધન, અંતર્મુખભાવ, વીતરાગતા, વીતરાગ-વિજ્ઞાન, તીર્થંકરોનો માર્ગ વગેરે.

૫૭. નય શું છે ?

તે સાચા જ્ઞાનનો પ્રકાર છે.

૫૮. અજ્ઞાનીને એક્કેય નય હોય ?

ના.

૫૯. સાચા નય કોને હોય ?

આત્માના સ્વાનુભવથી સમ્યગ્જ્ઞાન કરે તેને.

૬૦. નિશ્ચય વગરનો વ્યવહાર કેવો છે ?

મિથ્યા છે.

૬૧. સમ્યગ્દર્શન સાથે શું થાય છે ?

જ્ઞાન-ચારિત્ર-આનંદ વગેરે અનંતગુણનો અંશ ખુલે છે.

૬૨. કયા સમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય ?

ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય.

૬૩. ચૈતન્યનો પહાડ ખોદતાં તેમાંથી શું નીકળશે ?

સમ્યગ્દર્શનાદિ અનતં આનંદમય રત્નો નીકળશે.

૬૪. ત્રણ કિંમતી રત્નો કયા ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

૬૫. અનંતા રત્નોની ખાણ કોણ છે ?

ચૈતન્યપ્રભુ આત્મા પોતે.

૬૬. મેરુથી પણ મોટો ચૈતન્યરત્નનો પહાડ અજ્ઞાનીને કેમ દેખાતો નથી ?

તેની દ્રષ્ટિ આડે મિથ્યાત્વનું તરણું પડયું છે-તેથી.

૬૭. અરિહંતના આત્માને ખરેખર ઓળખે તો શું થાય ?

પોતાના આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય, એટલે દર્શનમોહનો નાશ થઈને સમ્યગ્દર્શન પ્રગટે.

૬૮. અરિહંત પ્રભુના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે ? એ ત્રણે ચેતનમય છે.

૬૯. તેમાં ક્યાંય જરાય રાગ છે ? .....ના.

૭૦. એમ ઓળખતાં શું થાય ?

પોતામાં ચેતન અને રાગની જુદાઈનો અનુભવ થાય.

# નાના બાળકોની કલમે.....અને....વિવિધ સમાચાર

**[ આ પત્રો નથી,-આ તો બાળકોના હૃદયથી ઉર્મિઓ છે. આત્મધર્મ વાંચીને નાના બાળકોના હૃદયમાં પણ ધર્મની કેવી ઉર્મિઓ ઊછળે છે! તે જોઈને મુમુક્ષુઓને આનંદ થશે. ]**

➢ ‘એકગામ’થી કમલેશકુમાર લખે છે કે આ ભાદરવા માસનો અંક અમારા હાથમાં આવતાં જ પહેલાં પાને અમારા ગામમાં જ જન્મેલ મહાન ધર્માત્માનો ફોટો જોયો અને અમને ઘણો જ આનંદ થયો..... તેઓ પણ ધર્મની વૃદ્ધિ કરનારા છે. અને સાથે જ ત્રીજો કોયડો પણ અમારા ગામમાં વિચરેલા ને ધર્મની વૃદ્ધિ કરનારા ભગવાનનો પૂછયો....તે ભગવાનના નામ ઉપરથી તો અમારા ગામનું નામ પડયું છે...તેથી તે ભગવાન પ્રત્યે અમને ખૂબ જ બહુમાન ઊભરાય છે. (પત્ર લખનાર બાળક કયા ગામના છે એ તો પત્ર ઉપરથી શોધી લેવાય તેવું છે.)

➢ રાજકોટથી જિનેશ જૈન લખે છે કે ‘અમે નાનકડા સિદ્ધ’ નું નાટક અમને બહુ ગમ્યું.

➢ મોરબીથી હર્ષદ જે. દોશી લખે છે : નિશાળેથી છૂટતાં તરત જ આત્મધર્મ જોયું–વાંચ્યું, ઘણો જ આનંદ થયો. આત્માને મોક્ષમાં જવા માટે સત્યમાર્ગ બતાવનારું પુસ્તક વાંચીને કોને આનંદ ન થાય? વળી કોયડા પૂછયા તેથી ઘણો આનંદ થયો છે. અહીં પર્યુષણમાં ખૂબ જ આનંદ આવ્યો. ભગવાનની રથયાત્રા વગેરેમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. અહીં પાઠશાળામાં પણ ઉત્સાહ આવે છે. કંઈ પણ થાય ત્યારે શરીરથી જુદો આત્મા યાદ આવે છે. હું તો આનંદનો પિંડ છું.....મારું કામ તો જ્ઞાન–દર્શન –ચારિત્ર છે.

➢ खैरागढ (म. प्र.) થી પર્યુષણના ઉત્સાહભર્યા સમાચારમાં લખે છે કે પર્યુષણમેં ઈસ વક્ત જુલૂસ બહુત જોરદાર નીકલા થા. જિસમેં એકહજાર લોગોંને ભાગ લિયા, શાસ્ત્રપ્રવચન–પૂજન–ધાર્મિક ક્લાસ આદિકા ભરચક કાર્યક્રમ રહતા થા.

➢ સુરેન્દ્રનગરથી હર્ષદ જૈન લખે છે કે–અમે આત્મધર્મની વરસાદની જેમ રાહ જોઈએ છીએ, અને તેમાં આવતી ધાર્મિક વાર્તાઓ બહુ જ ગમે છે. મને એમ થાય છે કે માસીકને બદલે પંદર દિવસે આત્મધર્મ વાંચવા મળે તો કેવી મજા આવે.

(બહુ મજા આવે હો, હર્ષદભાઈ! તમારી જેમ બીજા હજારો જિજ્ઞાસુઓ પણ એ જ ભાવના ભાવે છે.) તમને સોનગઢ આવવાની ખૂબ જ ઈચ્છા છે,–તો તમારા સુરેન્દ્રનગરથી તો સોનગઢ ક્યાં આઘું છે? દીવાળીની રજામાં સોનગઢમાં જ મજા કરોને! ગાડીમાં બેઠા કે સીધા સોનગઢ! –આવજો ત્યારે!

➢ કોલેજિયન ભાઈ–બહેન N. N. Jani અને B. N. Jani લીંબડીથી લખે છે કે આ અંકના કોયડા ઉકેલતાં આનંદ થયો. આત્મધર્મ ખૂબ જ ગમે છે, તેમાં પણ બાલવિભાગ તો ખૂબ જ ગમે છે.

➢ વિજય ચીમનલાલ ઠા. મોદી લખે છે કે પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી અમને નાના બાળકોને મજા આવે અને ધર્મની રુચિ થાય તેવી પ્રસાદી આત્મધર્મમાં આપતા રહેજો. અંક ૩૪૭ વાંચી બહુ આનંદ થયો છે.

➢ વડોદરાથી રેખાબેન ડગલી લખે છે કે આત્મધર્મ નિયમિત વાંચીએ છીએ; અને તે વાંચવાથી ઘણો જ આનંદ થાય છે. પૂ. ગુરુદેવની અમૃતવાણીનો લાભ અમને ઘેર બેઠા મળે છે.

➢ આત્મધર્મના એકેક અંક વાંચતા અમારા હૃદયમાં પુલકિત થાય છે. કંઈ મારા આત્મામાં છૂપાયેલ નિધિ જાણવા મળે છે. આ કાળમાં પ્રાપ્ત સદ્ગુરુદેવના પુણ્યપ્રતાપે મને મારા આત્માની વિભૂતી જાણવા મળે છે, તેથી હું મારાં પરમ ભાગ્ય માનું છું.

(લી. પ્રવીણ કે. દોશી (મુંબઈ)

➢ ઘાટકોપર મુમુક્ષુમંડળ તરફથી પર્યુષણપર્વ આનંદથી ઉજવાયાના સમાચાર છે. ૩૮ બહેનો સુંગંધદશમી વિધાન કરી રહી છે. પર્યુષણ દરમિયાન પ્રવચન–ભક્તિ પૂજનાદિ ભરચક કાર્યક્રમમાં સૌ ઉત્સાહથી ભાગ લેતા હતા. ઘાટકોપર મુમુક્ષુમંડળના પ્રમુખ તરીકે હાલમાં શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી ચૂંટાયા છે. તા. ૧–૧૦–૭૨ ના રોજ દિગંબર જિનમંદિરોના સમૂહદર્શનનો કાર્યક્રમ હતો, તેમાં ૪૦૦ ઉપરાંત મુમુક્ષુઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો ને ઘાટકોપર ઉપરાંત દાદર, મલાડ, મુંબઈના જિનંમદિરમાં આનંદથી દર્શન કર્યાં હતા.

➢ એ જ રીતે મલાડ મુમુક્ષુમંડળ તરફથી પણ પર્યુષણ પર્વ આનંદથી ઉજવાયાના સમાચાર છે.

➢ ભોપાલથી વીતરાગવિજ્ઞાન પાઠશાળાના મંત્રી શ્રી રાજમલજી જૈન લખે છે કે પર્યુષણ દરમિયાન 'મહારાણી ચેલણા' નું ધાર્મિક નાટક કુમારી મંજુબેન સોગાનીના નિર્દેશનપૂર્વક પાઠશાળાના બાળકોએ અનુપમ ઢંગથી રજુ કર્યું. સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો સહિત સમસ્ત સમાજે નાટકના ગંભીર ભાવો, તત્ત્વચર્ચા અને ધાર્મિક દ્રઢતા દેખીને ભૂરી ભૂરી પ્રશંસા કરી. જૈનધર્મમાં કેટલી સાર્થકતા અને ગંભીરતા ભરેલી છે તે આ નાટક દ્વારા પ્રસ્તુત થયું.

➢ વીંછીયામાં પર્યુષણ પર્વ આનંદથી ઊજવાયા હતા. જૈન પાઠશાળા પણ ચાલે છે; અને પાઠશાળાના બાળકોએ સુંદર ધાર્મિક સંવાદ ( બીજ ઊગી, પૂનમ હોગી ) કરેલ હતો.

➢ આફ્રિકા–નૈરોબીના સમાચાર છે કે–દશલક્ષણી પર્વ ખૂબ જ આનંદપૂર્વક ઉજવેલ છે. સવારમાં જિનેન્દ્રદેવનો અભિષેક, સમૂહપૂજન તથા એક કલાક શાસ્ત્રવાંચન રાખવામાં આવેલ, તેમાં સૌને બહુ જ ઉત્સાહ આવે છે. બપોરે ૩ાા થી ૪ાા તથા સાંજે ૬ાા થી ૯ાા સુધી ધાર્મિક કાર્યક્રમો રાખેલ હતા. સંખ્યા ઘણી થતી અને બધાને બહુ જ આનંદ આવતો હતો; વાંચન અને ભક્તિમાં સૌ ઉત્સાહથી રસ લેતા. દરરોજ પ્રભાવના થતી. ( આફ્રિકાના ઉત્સાહી મુમુક્ષુ ભાઈ–બહેનો દૂર દૂર દેશમાં પણ જે જિજ્ઞાસા અને ધાર્મિક પ્રવૃત્તિનો ઉત્સાહ ધરાવે છે તે પ્રશંસનીય છે...આફ્રિકાના બાલબંધુઓ ! તમે પણ આત્મધર્મના બાલવિભાગમાં ભાગ લ્યો, ને કોયડા વગેરેના જવાબો લખી મોકલો. તમારા જવાબો વેલામોડા આવશે તોપણ સ્વીકારીશું....ને ઈનામ પણ મોકલીશું. તો હવે ભૂલતા નહીં હો ! )

## * અમે તો વીરતણાં સંતાન, અમારે ભણવા જૈન સિદ્ધાંત *

સોનગઢમાં જૈન પાઠશાળા ખૂબ ઉત્સાહપૂર્વક ચાલે છે; બાળકો માંદા હોય તોપણ પાઠશાળાએ ભણવા જવાની રઢ ચુકતા નથી. નાનકડા બાલૂડાં ભેગાં થઈને 'અમે તો વીરતણાં સંતાન, અમારે ભણવાં જૈન સિદ્ધાંત' વગેરે ધર્મગીતોથી આસપાસનું વાતાવરણ ગજાવી રહ્યા હોય, અને 'મારે જોવો આત્મદેવ કેવો હશે' ની ભાવના ભાવી રહ્યા હોય તે દશ્યો દેખીને આનંદ થાય છે. ઠેરઠેર પાઠશાળા ચાલુ થાય ને બાળકોને ઉત્તમ સંસ્કાર મળે તે અત્યંત જરૂરી છે.

બાળકો–યુવાનો–વડીલો! જ્યારે વીરનાથભગવાનના મોક્ષનો અઢીહજારમો મહાન ઉત્સવ ઝડપથી નજીક આવી રહ્યો છે ત્યારે નીચેની ચાર વાતનું પાલન અને પ્રચાર વધુમાં વધુ કરવું જરૂરી છે–જેથી ઉત્તમ સંસ્કારોવડે જીવન શોભી ઊઠે–

(૧) હંમેશા ભગવાનનાં દર્શન કરવા. (મંદિર ન હોય ત્યાં ભાવથી યાદ કરીને ભગવાનના દર્શન કરવા.)

(૨) હંમેશાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો, શાસ્ત્રવાંચન કરવું.

(૩) રાત્રિભોજન કરવું નહીં, કેમકે તેમાં ત્રસહિંસાનો વિશેષ દોષ છે.

(૪) સીનેમા જોવી નહીં; લૌકિક સીનેમા જોવાથી વિષય–કષાયના કુસંસ્કાર પડે છે.

આવો, આપણે સૌ એકતાલથી હરેક પ્રકારે વીરશાસનની સેવા કરવા કટિબદ્ધ બનીએ...ને ઊંચા ધર્મસંસ્કારવડે આત્માને મહાવીર પ્રભુના ઉન્નત માર્ગે લઈ જઈએ.

➢ કલકત્તામાં–શનિ–રવિના દિવસે બાળકોની પાઠશાળા ચાલે છે તેમાં પચાસ ઉપરાંત બાળકો ઉત્સાહથી ભાગ લ્યે છે. પાઠશાળાનું સંચાલન પણ બાળકો જ કરે છે, ને વડીલો તરફથી તેમને પ્રોત્સાહન મળે છે. કલકત્તા જેવા શહેરમાં બાળકો દ્વારા પાઠશાળાનું સંચાલન થઈ રહ્યું છે તે પ્રશંસનીય છે. બાળકો ધાર્મિક ઉત્સાહમાં આગળ વધે એવી શુભેચ્છા.

➢ ફત્તેપુરની પાઠશાળાના બાળકો ખૂબ ઉત્સાહથી લખે છે કે આનંદની અદ્‌ભૂત વાતો આત્મધર્મ દ્વારા મળતાં આનંદ થાય છે. અમે પાઠશાળાના કેટલાક બાળકોએ નક્કી કર્યું છે કે દીવાળીમાં ફટાકડા ફોડશું નહીં. બીજા બાળકો પણ તેનું અનુકરણ કરજો. કેમકે દીવાળી એ તો આપણા મહાવીર ભગવાનના મોક્ષનો મહાન દિવસ છે; તે દિવસે તો મોક્ષની ભાવના હોય–કે ફટાકડા ફોડવાનું હોય?

➢ જયપુર દ્વારા સંચાલિત વીતરાગ–વિજ્ઞાન પાઠશાળઓના પાઠ્ય ક્રમમાં અગાઉના નિર્ણય મુજબ જૈનબાળપોથી ભાગ ૧ અને ૨ પણ દાખલ કરવામાં આવેલ છે. દરેક પાઠશાળાઓમાં તે ચાલશે અને તેની પરીક્ષાઓ જયપુરના પરીક્ષાબોર્ડ દ્વારા આ વર્ષથી લેવામાં આવશે. (આ જૈનબાળપોથીની એક લાખ કરતાં વધુ પ્રતો ચાર ભાષામાં છપાઈ ચુકી છે.)

# * ત્રણ ભગવાન *

ગતાંકમાં જે ત્રણ ભગવાન શોધવાનો પ્રશ્ન પૂછેલ, તેના જવાબ નીચે મુજબ છે :–

(૧) અરિહંત :– તેઓ ચાર અક્ષરના ભગવાન છે, 'નમો અરિહંતાણં' માં આપણે તેમને રોજ યાદ કરીએ છીએ. તેમના પહેલા બે અક્ષર 'અરિ' એટલે શત્રુ, પણ છેલ્લા બે અક્ષર 'હંત' તે મોહશત્રુને હણી નાંખે છે. મોહને હણનારા હોવા છતાં ભગવાન અરિહંતદેવ પરમ અહિંસક છે.

(૨) સિદ્ધ :– બે અક્ષરના આ ભગવાન કદી ખાતા નથી, કદી બોલતા નથી, કદી ચાલતા નથી; તેમને શરીર પણ નથી; તે ચૈતન્યબિંબ સિદ્ધભગવાન આપણને આંખેથી દેખાતા નથી, છતાં 'નમો સિદ્ધાણં' કહીને આપણે નમસ્કારમંત્રમાં તેમને રોજ યાદ કરીએ છીએ.

(૩) વર્દ્ધમાન : ચાર અક્ષરના આ ભગવાન ધર્મની વૃદ્ધિ કરનારા છે; છેલ્લા બે અક્ષર એટલે માન, તે તેમની પાસે નથી, ભગવાન તો નિર્માન છે. પહેલો અક્ષર 'વ' છેલ્લો અક્ષર 'ન'–એવા વનમાં તેઓ મુનિદશા વખતે રહેતા હતા. છેલ્લો અક્ષર 'ન' અને પહેલો અક્ષર 'વ' એટલે 'નવ' ૯; તેમાં ૧૫ ઉમેરતાં ૨૪ થયા; તે ચોવીસમાં તીર્થંકર વર્દ્ધમાન સ્વામીને નમસ્કાર હો. (વર્દ્ધમાન શબ્દમાં જોડીયા અક્ષર છે –પણ કોયડાની સગવડતા ખાતર તેમાં ચાર અક્ષર ગણ્યા હતા.)

આ ધાર્મિક પ્રશ્નમાં એકંદર ૬૦૦ ઉપરાંત બાળકોએ ખૂબ જ ઉમંગથી ભાગ લીધો છે, ને ફરીફરીને આવા ધાર્મિક પ્રશ્નોત્તર આપવા માંગણી કરી છે. જવાબ મોકલનારા બાળકોને ભેટપુસ્તકો મોકલાઈ ગયા છે. આ પુસ્તકો પોરબંદરના કોઠારી બ્રધર્સ તરફથી, (તેમના માતુશ્રી કસુંબાબેન ભૂરાલાલના સ્મરણાર્થે), તથા બોટાદના મંજુલાબેન શિવલાલ ગાંધીના સ્મરણાર્થે હીરાબેન તરફથી આપવામાં આવ્યા છે.

બંધુઓ, આ વખતે માત્ર એક જ નવો પ્રશ્ન પુછવાનો છે...

સાડાપાંચ અક્ષરની એક વસ્તુ; ઘણી સરસ; એને જોતાં જ તમને આનંદ થાય...... એના સાડાપાંચ અક્ષરમાંથી પહેલાં બે અક્ષર તો તમારી પાસે પણ છે.... ત્રીજો અક્ષર જીવનમાં સૌથી પહેલો છે.....અને છેલ્લા અઢી અક્ષર જેની પાસે હોય તે સૌભાગ્યવાન ગણાય છે–એ વસ્તુ માત્ર અમારા સોનગઢમાં જ છે, બીજે ક્યાંય નથી..... એ વસ્તુનું ચિત્ર તમારા ઘરમાં પણ જરૂર હશે..... કહો જોઈએ–કઈ છે તે સુંદર વસ્તુ ?

**તમને શોધતાં જરાક વાર લાગશે.....પણ શોધ્યા પછી તમને એમ થશે કે–**

**વાહ ભાઈ! ભારે સરસ મજાની વસ્તુ છે!**

**( આ જવાબની સાથે તમે જો એકેક નવો કોયડો બનાવીને મોકલશો તો અમને આનંદ થશે; ને તેમાંથી જે પસંદ પડશે તે આત્મધર્મમાં છાપીશું; અને તેનું ઈનામ પણ આપીશું. )**

---




➢ વાંકાનેરના શ્રી મણીબેન જગજીવનદાસ શાહ (તેઓ ભાઈશ્રી નવલભાઈ વગેરેના માતુશ્રી, ઉ. વ. ૮૬ ) સોનગઢ મુકામે ભાદરવા વદ પાંચમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રપરિણામી હતા અને ધર્મ સાંભળવાની જિજ્ઞાસા પ્રગટ કરતા હતા. કેટલાક વર્ષથી તેઓ પથારીવશ હતા, ને સોનગઢ રહેતા હતા. સ્વર્ગવાસના બે દિવસ પહેલાં જ પૂ. ગુરુદેવે તેમજ પૂજય બેનશ્રી–બેને પધારીને વૈરાગ્યમય બોધવચનો સંભળાવ્યા હતા. ગુરુદેવે તેમને સંબોધીને કહેલું કે 'આત્મા આનંદસ્વરૂપ છે.' ત્યારબાદ બે દિવસે તેઓ શાંતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

➢ વાંકાનેરનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી શાંતિલાલ સૌભાગ્યચંદ શેઠ ( ઉ. વ. ૪૭ ) તા. ૪–૧૦–૭૨ ના રોજ મુંબઈ મુકામે હૃદયરોગના હુમલાથી એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. મુંબઈમાં પોતાના આંગણે તેઓ ગુરુદેવના ચરણસ્પર્શ કરી રહ્યા છે–એવો ફોટો મચ્છુકાંઠાના સમાજ–ઉત્કર્ષમાં છપાયેલ છે. તેઓ જૈનસમાજના એક કાર્યકર હતા.

➢ ઉમરાળાના ભાઈશ્રી અમીચંદ વિઠ્ઠલદાસ ( ઉ. વર્ષ ૯૦ લગભગ ) તેઓ આસો સુદ ૮ ના રોજ આકોલા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

➢ મોરબીના ભાઈશ્રી અમરચંદ નાનચંદ સંઘવી તા. ૩–૧૦–૭૨ ના રોજ રાજકોટ મુકામે એકાએક હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ મોરબી જિનમંદિરના હિસાબ વગેરેનું કામ સંભાળતા હતા.

➢ સાયન–મુંબઈ મુકામે મહેતા છેલશંકર મકનજી ( ઉ. વ. ૬૦ ) આસો સુદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મશાંતિ પામો.



# 卐 वंदित्तु सव्वसिद्धे 卐

## પરમાગમનું પવિત્ર મંગલાચરણ

# સમયસારે દેખાડેલો શુદ્ધાત્મા જયવંત છે

સોનગઢમાં શ્રી કુંદકુંદાચાર્યભગવાનરચિત વીતરાગી પરમાગમો આરસમાં કોતરાવવા માટે જે ભવ્ય પરમાગમમંદિર બંધાઈ રહ્યું છે, તેમાં લગાડવાના આરસમાં સમયસારની પહેલી ગાથા કોતરવાની શરૂઆતનું મંગલ–મુહૂર્ત આસો સુદ પૂનમે, કુંદશાસનના મહાન પ્રભાવક પૂ. શ્રી કહાનગુરુના મંગલ હસ્તે થયું.

અહા, બે હજાર વર્ષ પહેલાંના પાવન દ્રશ્યો આજે તાજાં થતા હતાં....જ્યારે કુંદકુંદભગવાને સ્વાનુભૂતિના નિજવૈભવમાંથી કાઢી–કાઢીને ચૈતન્યના મહામંત્રો સમયસાર પરમાગમરૂપે ટંકોત્કીર્ણ કર્યાં.... તેમણે જ્યારે સર્વે સિદ્ધોને નમસ્કાર કરતાં वंदित्तु सव्वसिद्धे...લખવાનો પ્રારંભ કર્યો હશે ત્યારે કુદરતનું વાતાવરણ આનંદથી કેવું નાચી ઊઠયું હશે! આજે પણ ફરીને એવું જ વાતાવરણ લાગતું હતું. કહાનગુરુદેવે સમયસારના અચિંત્ય ભાવો ખોલી–ખોલીને મુમુક્ષુહૃદયોમાં તો ટંકોત્કીર્ણ કર્યાં જ છે..... ને આજે તેઓશ્રીના પાવન સુહસ્તે वंदित्तु सव्वसिद्धे..... નો પહેલો અક્ષર આરસમાં ટંકોત્કીર્ણ થતો દેખીને મુમુક્ષુ હૈયાં આનંદથી ઊછળતા હતા. ગુરુદેવ સવારથી મનમાં ને મનમાં ભગવાન કુંદકુંદચાર્યદેવને યાદ કરી–કરીને, હૈયામાં બોલાવી–બોલાવીને, તેમના મંગલ આર્શીવાદ ઝીલતા હતા.....પોતાના ‘સમયસાર’ નો આ મહોત્સવ જોવા જાણે કુંદકુંદપ્રભુજી સાક્ષાત્ પધાર્યા હોય.....એવું લાગતું હતું.

પ્રવચનમાં નિયમસાર કળશ ૧૭૦ વાંચતાં ગુરુદેવે મહા પ્રમોદપૂર્વક કહ્યું કે–

અહા, સંતોના હૃદયમાં તો અનંત–અનંત જ્ઞાન–આનંદવાળું સહજ પરમ ચૈતન્યતત્ત્વ જયવંત વર્તે છે....આ જ મહાન મંગળ છે. અહા, ચૈતન્યતેજ સહિત

પરમાત્મતત્ત્વ વીતરાગી સંતોના હૃદયમાં પ્રગટયું, તેમાંથી નીકળેલી આ વાણી (સમયસાર–નિયમસાર વગેરે) છે, તે પરમગામ છે. તે પરમાગમ એમ પ્રકાશે છે કે અહો! આનંદના દરિયામાં મગ્ન આ સહજ પરમાત્મતત્ત્વ છે, તે સંતોના જ્ઞાનમાં જયવંતપણે વર્તી રહ્યું છે. અહા, આવું આનંદમય તત્ત્વ છે, તે વિષયસુખોમાં લીન જીવોને મહા દુર્લભ છે....બાહ્યદ્રષ્ટિ વડે તે પ્રાપ્ત થાય તેવું નથી; વિષયોથી પાર અતીન્દ્રિય આનંદમય તત્ત્વ છે તે તો અંતર્દ્રષ્ટિ વડે જ્ઞાનીઓને જ સુલભ છે. જ્ઞાનીના જ્ઞાનમાં આ ચૈતન્યતત્ત્વ કોતરાઈ ગયું છે. જ્ઞાનીના હૃદયમાં ઊછળતાં સુખના સમુદ્રરૂપે આ પરમતત્ત્વ જયવંત છે. આવું તત્ત્વ પોતાની પર્યાયમાં જયવંતપણે પ્રગટયું તે અપૂર્વ મંગળ છે.

પ્રવચન પછી ગુરુદેવે મંગલ હસ્તમાં ચાંદીનું ટાંકણું લઈને वंदित्तु सव्वसिद्धे નો પહેલો મંગલઅક્ષર કોતર્યો ત્યારે એવા જોરદાર હર્ષનાદથી સ્વાધ્યાયમંદિર ગાજી ઊઠયું કે કુંદકુંદપ્રભુએ પણ તે સાંભળ્યા હશે....ગુરુદેવના રોમરોમમાં પરમાગમ પ્રત્યેની ભક્તિ–ઉર્મિઓ ઊછળતી હતી. આ પ્રસંગે પૂ. બેનશ્રી ચંપાબેનના મંગલ હસ્તે પણ કોતરવાનું મુહૂર્ત થયું હતું. (ભાઈશ્રી ચંદ્રકાંત હરિલાલ દોશી ચાંદીના હથોડી–ટાંકણું કરાવી ગયા હતા....ને ગુંરુદેવના સુહસ્તે જ્યારે આ મંગલપ્રસંગ થાય તે વખતે પોતાના તરફથી રૂા. પાંચહજાર એક આપવાનું જાહેર કરી ગયા હતા. આ પ્રસંગની ખુશાલીમાં મુમુક્ષુઓ તરફથી બીજી પણ અનેક રકમો ઉત્સાહથી જાહેર કરવામાં આવી હતી.)

આજનો પ્રસંગ આનંદનો પ્રસંગ હતો.....પરમાગમનો પરમહિમા સર્વત્ર પ્રસિદ્ધ થઈ રહ્યો હતો. ગુરુદેવદ્વારા આવા વીતરાગી પરમાગમની પ્રાપ્તિથી મુમુક્ષુઓ પોતાને ધન્ય માનતા હતા. અહા, આપણા કોઈ સાતિશય પરમ મહાભાગ્યે પ્રાપ્ત થયેલ સમયસારાદિ પરમઆગમ, તેનું હાર્દ ખોલીખોલીને ગુરુદેવે આપણને શુદ્ધાત્મા દેખાડયો છે, તો પરમાગમોને આરસમાં કોતરવાના આ મંગલપ્રસંગે, આપણે પણ હૃદયના પવિત્ર આરસમાં એ પરમાગમના હાર્દરૂપ શુદ્ધ આત્માને ટંકોત્કીર્ણ કરીએ.....ને પરમાગમના ફળરૂપ મહા આનંદમય મોક્ષધામને પામીએ....એવા શ્રીગુરુઓનાં આર્શીવાદ છે. સમયસારમાં અંતમંગળમાં આશીર્વાદ આપતાં પ્રભુજી પોતે કહે છે કે–

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આત્મા જે સૌખ્ય, ઉત્તમ તે થશે.**

# "આત્મધર્મ અમારું છે"

એક મુમુક્ષુ લખે છે : "આત્મધર્મનાં વીતરાગીઅમૃત પીવાનું અમને બહુ ગમે છે. આત્મધર્મ અમને જિનવાણી જેટલું વહાલું છે. આ કાળમાં આત્મધર્મ જિનવાણીનો સાર ઘરેઘરે પહોંચાડી રહ્યું છે. તે માટે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે."

—દર વર્ષે જિજ્ઞાસુઓ તરફથી આવા હજારો પ્રશંસા–પત્રો આવે છે, ને તેના દ્વારા આત્મધર્મ પ્રત્યે તથા ગુરુદેવપ્રત્યે મુમુક્ષુઓ પોતાના અંતરની ઉર્મિ–હૈયાનાં હેત ભરીભરીને ઠાલવે છે...બંધુઓ! આપની એ ધાર્મિકલાગણી દેખીને અમને હર્ષ તો થાય છે....–પણ અમારે એથી વિશેષ કંઈક કહેવાનું છે.

આત્મધર્મ અમારું અને તમે તેનો આભાર માનો–એવા ભેદ અમને નથી ગમતા, કેમકે આત્મધર્મ અમારી જેમ તમારું પણ છે. 'આત્મધર્મ' તમારું છે, તેમાં જે શુદ્ધચૈતન્યવસ્તુ પીરસાય છે તે વસ્તુ પણ તમારી છે, એટલે આત્મધર્મ દ્વારા એ સ્વવસ્તુને લક્ષગત કરીને 'આત્મધર્મ' ને (આત્માના ધર્મને) તમે તમારો જ બનાવી દો....ત્યારે તમે આનંદથી કહેશો કે 'વાહ! આ આત્મધર્મ તો અમારું જ છે, તેમાં જે કાંઈ આવે છે તે અમારું જ છે.' –આમ 'આત્મધર્મ'ને તમે પોતાનું બનાવી દો–તે અમને તો ગમે, અને એ જ 'આત્મધર્મ ' ની ખરી કિંમત છે.

અમારું અને તમારું–આપણા સૌનું પ્રિય આ 'આત્મધર્મ' માસિક આજે ૨૯ મું વર્ષ પૂરું કરે છે, આવતાં અંકે ૩૦ માં વર્ષમાં કરશે. આ વર્ષમાં ગ્રાહક સંખ્યા ત્રણહજાર સુધી પહોંચાડવાનું લક્ષ બાંધેલું તે પાર પડયું છે. જિજ્ઞાસુઓ વધુ ને વધુ રસ લઈ રહ્યા છે. હવે આપણે આપણા સંબંધી–મિત્રો–જિજ્ઞાસુઓ સૌને જો 'આત્મધર્મ' મોકલવા માંડીએ તો તેમને પણ જરૂર લાભ થશે, –અને સાથેસાથે થોડા વખતમાં આપણું ગ્રાહકમંડળ પાંચહજાર સુધી પહોંચી જશે.–આપને આ વિચાર સારો લાગ્યો?–હા, તો આપણા સગાસંબંધીનું અત્યારથી જ લવાજમ ભરીને દિવાળીની બોણીમાં જ તેમને આત્મધર્મની ભેટ કેમ ન આપીએ? સાથેસાથે સમ્યક્ત્વની પ્રેરણાથી ભરપૂર એવું વીતરાગવિજ્ઞાન પુસ્તક (ત્રીજું) પણ ભેટ મળશે.

આત્મધર્મનું વાર્ષિક લવાજમ ચાર રૂા. છે. આપનું લવાજમ આપે ભરી દીધું હશે. દીવાળી પહેલાં લવાજમ ભરવાથી સંસ્થાને ખર્ચમાં અને વ્યવસ્થામાં બંનેમાં ઘણી રાહત રહે છે. તો નીચેના સરનામે વેલાસર લવાજમ મોકલવા સૂચના છે.

**" આત્મધર્મ કાર્યલય," સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# મોક્ષના ઢંઢેરા

## જ્ઞાનીના ધર્મના ઢંઢેરા અંદર સમાય છે.

અહો, જ્ઞાની તો ગુપ્તપણે અંતરમાં પોતાના અચિંત્ય ચૈતન્યનિધિને ભોગવે છે.....એ બહારમાં ઢંઢેરા પીટવા નથી જતા. તેમ હે મુમુક્ષુ.....હે જિજ્ઞાસુ! જ્ઞાની પાસેથી તારી અપાર ચૈતન્યનિધિને સાંભળીને તું અંદર ઊતરજે.....બહાર ઢંઢેરા પીટવા ન જઈશ, પણ અંદર ઊતરીને તારી પર્યાયમાં તારા ચૈતન્યપ્રભુને પ્રસિદ્ધ કરજે....ધર્મના ઢંઢેરા બહાર નથી પીટાતા, એ તો અંતરમાં સમાય છે. પરિણતિ જ્યાં અંતર્મુખ થઈ ત્યાં આત્મામાં મોક્ષના ડંકા વાગ્યા..... સ્વાનુભૂતિમાં જ્ઞાનીને મોક્ષના ઢંઢેરા પીટાઈ ગયા છે. તે ઢંઢેરો અંદર સમાય છે. ધર્માત્મા પાસેથી ચૈતન્યનિધાન પામીને મુમુક્ષુને તેના ઢંઢેરા બહાર પીટવાનો વેગ નથી આવતો, એને તો પરમ ગંભીરતાથી અંતરમાં ઊતરીને સ્વકાર્ય સાધી લેવાની ધગશ જાગે છે.–

**તે જિજ્ઞાસુ જીવને થાયે સદ્‌ગુરુ-બોધ;**
**તો પામે સમકિત તે વર્તે અંતરશોધ.**

—આમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ જિજ્ઞાસુને બહારમાં ઢંઢેરા પીટવાનું નથી કહ્યું, અંતરશોધમાં વર્તવાનું કહ્યું છે.

શ્રી કુંદકુંદપ્રભુ પણ એ જ વિધિથી સહજ તત્ત્વની આરાધના કરવાનું કહે છે–

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે;**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે.**

લોકના સંગને તો ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને ધર્મી છોડે છે. તેમ હે મિત્ર! તું પણ આ રીતે સહજતત્ત્વની આરાધના કરીને તારા અંતરમાં મોક્ષના ઢંઢેરા પ્રસિદ્ધ કર.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૧૦૦
મુદ્રક :– મગનલાલ જૈન, અજિતમુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : આસો (૩૪૮)